અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : ૧૫ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક પૂનમ | અંક : ૧૩૪ | અમદાવાદ | પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### MCX ગોલ્ડ રૂ.૯૩૨ અને ચાંદીમાં રૂ.૨,૦૫૩નો કડાકો

## સોનું વધુ ૧૩૦૦ રૂપિયા સસ્તું થયું, ચાંદીમાં ૩૫૦૦ રૂપિયાનો ઘટાડો

### વૈશ્વિક સ્તરે ગોલ્ડ સ્પોટ ૨૫.૭૦ ડોલર તૂટી ૨૫૬૦.૮૦ પ્રતિ ઔંશ સાથે આઠ સપ્તાહના તળિયે પહોંચ્યું : ચાંદીનો ભાવ ૩૦.૦૭ ડોલર પ્રતિ ઔંશ થયો હતો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સમાં તેજીના કારણે કિંમતી ધાતુમાં કડાકાની અસર સ્થાનિક બજારોમાં પણ જોવા મળી છે. આ સપ્તાહમાં અત્યારસુધીમાં સોના-ચાંદીના ભાવમાં રૂ. ૩૫૦૦નો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. જ્યારે ઓલટાઈમ હાઈથી સોનું રૂ. ૫૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સસ્તુ થયું છે. જે ૩૦ ઓક્ટોબરે રૂ. ૮૨૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે હતું.



અમદાવાદ બુલિયન માર્કેટમાં આજે ગુરૂવારે સોનું વધુ રૂ. ૧૩૦૦ સસ્તુ થઈ રૂ. ૭૬૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ક્વોટ થઈ રહ્યું હતું. જ્યારે ચાંદીની કિંમત રૂ. ૩૫૦૦ ઘટી રૂ. ૮૮૦૦૦ પ્રતિ કિગ્રા થઈ હતી. વૈશ્વિક સ્તરે ગોલ્ડ સ્પોટ ૨૫.૭૦ ડોલર તૂટી ૨૫૬૦.૮૦ પ્રતિ ઔંશ સાથે આઠ સપ્તાહના તળિયે પહોંચ્યું હતું. ચાંદીનો ભાવ ૦.૫૮૮ ડોલર તૂટી ૩૦.૦૭ ડોલર પ્રતિ ઔંશ થયો હતો.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતથી ફુગાવા તરફી નિર્ણયો લેવાની આશંકા છે. જેના પગલે ડોલર ઈન્ડેક્સ સતત મજબૂત બની રહ્યો છે. યુએસ ટ્રેઝરી યીલ્ડ પણ નવી ઊંચાઈએ પહોંચી છે. યુએસ ડોલર વર્ષની ટોચે ટ્રેડ થઈ રહ્યો છે. પરિણામે કિંમતી ધાતુનો ચાર્મ ઘટ્યો છે. કિંમતી ધાતુમાં હજી ઘટાડાની સંભાવનાઓ કોમોડિટી નિષ્ણાતો જણાવી રહ્યા છે.

એમસીએક્સ ખાતે સોના અને ચાંદીના વાયદામાં કડાકો નોંધાયો છે. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૯૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૩૯૯૬ અને નીચામાં રૂ.૭૩૩૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૭૪૪૮૨ના આગલા બંધ સામે રૂ.૯૩૨ના ભાવઘટાડા સાથે રૂ.૭૩૫૫૦ના ભાવ થયા હતા. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૦૧ ઘટી રૂ.૬૦૧૪૦ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૧ ઘટી રૂ.૭૪૮૪ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૫૫ના ભાવઘટાડા સાથે રૂ.૭૩૫૫૯ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૮૯૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૯૦૦૦ અને નીચામાં રૂ.૮૬૮૪૪ના મથાળે અથડાઈ, રૂ.૮૯૧૯૭ના આગલા બંધ સામે રૂ.૨૦૫૩ના ભાવઘટાડા સાથે રૂ.૮૭૧૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૦૨૮ ઘટી રૂ.૮૭૦૪૬ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૦૦૯ ઘટી રૂ.૮૭૦૪૮ના ભાવ થયા હતા.

### આ વર્ષે ટેક્સ કલેક્શનમાં ૧૫ ટકાથી વધુનો વધારો

## કરદાતાઓએ બનાવ્યો રેકોર્ડ, દર કલાકે ૨૨૫ કરોડ ટેક્સ ભરાયો

### છેલ્લા નાણાકીય વર્ષની તુલનામાં ૧૦.૪૯ લાખ કરોડ કરતાં ૧૫.૪૧ ટકા વધુ છે : દર વર્ષે કરદાતાઓ ટેક્સ ભરવાના મામલે રેકોર્ડ બનાવી રહ્યા છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

દેશના તમામ કરદાતાઓ તેમની જવાબદારી સારી નિભાવી રહ્યાં છે. દર વર્ષે કરદાતાઓ ટેક્સ ભરવાના મામલે સતત રેકોર્ડ બનાવી રહ્યા છે. જો આપણે આંકડાઓની વાત કરીએ તો વર્તમાન સમયમાં એટલે કે નાણાકીય વર્ષના ૨૨૪ દિવસમાં દર કલાકે સરેરાશ ૨૨૫ કરોડ રુપિયા જમા થયા છે. એટલે તે ૭ મહિના અને ૧૦ દિવસમાં ૧૨ લાખ કરોડ રુપિયાથી વધુનો ટેક્સ જમા થયો છે. જેમાં રુપિયા ૫ લાખ કરોડથી વધુ કોર્પોરેટ ટેક્સ અને રુપિયા ૬.૫૦ લાખ કરોડથી વધુ નોન – કોર્પોરેટ ટેક્સનો પણ સમાવેશ થાય છે. તો આજે આપણે જાણીશું કે આજે આ વર્ષે સરકારની તિજોરીમાં કેટલા રુપિયા રોકાયા છે?




આ વર્ષે ભારતમાં ૧ એપ્રિલથી ૧૦ નવેમ્બરની વચ્ચે નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૫.૪૧ ટકા વધ્યુ છે એટલે કે ૧૨.૧૧ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (ઝમ્ઙ્‌)ની આપેલી માહિતી મુજબ તેમાં રુપિયા ૫.૧૦ લાખ કરોડનો ચોખ્ખો કોર્પોરેટ ટેક્સ અને ૬.૬૨ લાખ કરોડ રુપિયાનો નોન-કોર્પોરેટ ટેક્સ એટલે કે વ્યક્તિ, ઉંઁહ્લ, પેઢીઓ દ્વારા ચૂકવવામાં આવેલા કર સહિતનો સમાવેશ થાય છે. આંકડાકીય માહિતી અનુસાર એપ્રિલથી નવેમ્બર ૧૦ દરમિયાન ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૨૧.૨૦ ટકા વધીને ૧૫.૦૨ લાખ કરોડ રુપિયા થયું છે.

આ સમયગાળા દરમિયાન ૨.૯૨ લાખ કરોડ રુપિયા રિફંડ જાહેર કરવામાં આવ્યા હતા, જે એક વર્ષ અગાઉ કરતાં ૫૩ ટકા વધુ છે. રિફંડ માટે એડજસ્ટ કર્યા પછી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન (જેમાં કોર્પોરેટ, નોન-કોર્પોરેટ અને અન્ય ટેક્સનો સમાવેશ થાય છે) લગભગ ૧૨.૧૧ લાખ કરોડ રુપિયા છે.

છેલ્લા નાણાકીય વર્ષની તુલનામાં ૧૦.૪૯ લાખ કરોડ કરતાં ૧૫.૪૧ ટકા વધુ છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં પ્રત્યક્ષ કરમાંથી રૂ. ૨૨.૧૨ લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જે ગયા નાણાકીય વર્ષ કરતાં ૧૩ ટકા વધુ છે. સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે કેન્દ્રની કુલ કર આવકને ૩૪.૪ લાખ કરોડ રૂપિયામાં સુધારી હતી. જે નાણાકીય વર્ષ ૨૦૨૪ના બજેટ અંદાજ કરતાં લગભગ ૧ લાખ કરોડ રૂપિયા વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના અંદાજ અંગે સરકારે ૧૧.૭ ટકાના વધારા સાથે ૩૮.૪ લાખ કરોડનું બજેટ કર્યું છે. કરવેરામાંથી આવકના લક્ષ્યાંકને આવકવેરામાં ૧૬.૧ ટકાનો વધારો, કોર્પોરેટ ટેક્સમાં ૧૦.૫ ટકાનો વધારો અને કસ્ટમ ડ્યુટીમાં ૮.૭ ટકાના વધારા દ્વારા સમર્થન મળે છે.

## ન્યૂઝ બ્રિફ

### વ્હોટ્સએપને બંધ કરવાની માંગવાળી અરજી ફગાવાઈ

**। નવી દિલ્હી, તા.૧૪ ।**

લોકપ્રિય મેસેજિંગ એપ વ્હોટ્સએપને બંધ કરવાની માગવાળી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. અરજીકર્તાનું કહેવું હતું કે વ્હોટ્સએપ કેન્દ્ર સરકારના આઈટી ગાઈડલાઈન્સનું પાલન કરતું નથી. ૨૦૨૧માં કેરળ હાઈકોર્ટે પણ આ અરજીકર્તાની આ માગ ઠુકરાવી હતી. કેરળના રહેવાસી ઓમનાકુટ્ટન કે. જી.નું કહેવું હતું કે ૨૦૨૧માં કેરળ હાઈકોર્ટે તેમની અરજીને અપરિપક્વ ગણાવીને ફગાવી દીધી હતી ત્યારે કહેવામાં આવ્યું હતું કે આઈટી ગાઈડલાઈન્સ સરકારે જાહેર કરી નથી. હવે વ્હોટ્સએપ પોતે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને આઈટી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ, ૨૦૨૧ને પડકાર આપ્યો છે.

### CBSEએ કોર્સ અને પરીક્ષા પેટર્નમાં હવે કર્યા ફેરફાર

**। નવી દિલ્હી, તા.૧૪ ।**

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)એ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને મોટી રાહત આપતી જાહેરાત કરી છે. સીબીએસઈએ ધો.૧૦-૧૨ના અભ્યાસક્રમમાં ૧૫ ટકાની કપાત કરી છે. આ સાથે પરીક્ષાની પેટર્નમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. નવી પ્રક્રિયા મુજબ હવે ઈન્ટરનલ એસાઈન્મેન્ટ માટે ૪૦ ટકા માર્ક્સ આપવામાં આવશે, જ્યારે ફાઈનલ પરીક્ષા માટે ૬૦ ટકા માર્ક્સ અપાશે. મળતા અહેવાલો મુજબ ઈન્દોરમાં પ્રિન્સિપાલ સમિટ યોજાઈ હતી, જેમાં સીબીએસઈના રિજનલ ઑફિસર વિકાસ કુમાર અગ્રવાલે અભ્યાસક્રમ (Syllabus) અને પરીક્ષા પેટર્ન (CBSE New Exam Pattern)માં ફેરફાર થયો હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, સીબીએસઈનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના બોજથી બચાવવાનો અને વિષયને ઊંડાણથી સમજવાની તક આપવાનો છે.

### સુરક્ષામાં કરવામાં આવ્યો વધારો

## મુંબઈ એરપોર્ટને બોમ્બની ધમકી મળતાં ખળભળાટ

### પોલીસ કર્મચારીઓની ટીમ એરપોર્ટ પર તૈનાત કરવામાં આવી અને વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી

**। (એજન્સી) મુંબઈ, તા. ૧૪ ।**

મુંબઈ એરપોર્ટ પર બોમ્બ હોવાની ધમકી મળી છે. મુંબઈ ડોમેસ્ટિક એરપોર્ટ (T1) ખાતે CISF કંટ્રોલ રૂમને બુધવારે બપોરે ધમકીભર્યો કોલ મળ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, મોહમ્મદ નામનો વ્યક્તિ મુંબઈથી અઝરબૈજાન વિસ્ફોટક સામગ્રી લઈ જઈ રહ્યો હતો.



આ કોલથી એરપોર્ટ પર હલચલ મચી ગઈ હતી. CISFની ટીમે તરત જ મામલાને ગંભીરતાથી લીધો અને સહાર પોલીસ સ્ટેશનને એલર્ટ કર્યું, જેના પગલે પોલીસ કર્મચારીઓની એક ટીમ એરપોર્ટ પર તૈનાત કરવામાં આવી અને વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, કોલ કરનારે કોઈ ચોક્કસ ફ્લાઈટનો ઉલ્લેખ કર્યો ન હતો અને અચાનક બપોરે ૩:૦૦ વાગ્યાની આસપાસ કોલ બંધ કરી દીધો હતો. આ પછી અધિકારીઓએ આ કોલની તપાસ શરૂ કરી અને શંકાસ્પદ વિશે માહિતી એકત્ર કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સાવચેતીના પગલા તરીકે, એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ મુસાફરોની વિગતો ચકાસી રહી છે. અધિકારીઓએ કહ્યું કે, હજુ સુધી કોઈ વિસ્ફોટક સામગ્રી મળી નથી, પરંતુ સમગ્ર પરિસ્થિતિની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે.

મુંબઈ એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા અંગે અધિકારીઓનું કહેવું છે કે, આવી બાબતોમાં કોઈ બેદરકારી દાખવવામાં આવી રહી નથી અને મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. પોલીસ આ કોલના સોર્સને શોધવા માટે તપાસ કરી રહી છે અને ટૂંક સમયમાં આરોપીઓને શોધી કાઢવાનો દાવો કર્યો છે.

### ભારતે કોરોનાકાળમાં કરી હતી મદદ

## ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપશે તેનું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન

**। ડોમિનિકા, તા.૧૪ ।**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એકવાર સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. કોમનવેલ્થ ઓફ ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'ડોમિનિકા ઓર્ડર ઑફ ઓનર' એનાયત કરશે. આ પુરસ્કાર કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડોમિનિકામાં પીએમ મોદીના યોગદાન, આ ઉપરાંત ભારત અને ડોમિનિકા વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવા માટેના તેમના સમર્પણમાં આપવામાં આવી રહ્યો છે. કોમનવેલ્થ ઑફ ડોમિનિકાએ તેના પત્રમાં જણાવ્યું છે કે કોમનવેલ્થ ઑફ ડોમિનિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર' એનાયત કરશે. આ એવોર્ડ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડોમિનિકામાં તેમના યોગદાન અને ભારત અને ડોમિનિકા વચ્ચેની ભાગીદારીને મજબૂત કરવા માટેના તેમના સમર્પણને માન્યતા આપે છે. ગુયાનામાં આગામી ઈન્ડિયા-કેરીકોમ સમિટ દરમિયાન રાષ્ટ્રપતિ સિલ્વાની બર્ટનના હસ્તે આ એવોર્ડ આપવામાં આવશે. આ પત્રમાં વધુમાં લખાયું છે કે, ફેબ્રુઆરી ૨૦૨૧માં ભારતે ડોમિનિકાને એસ્ટ્રાઝેનેકા કોવિડ-૧૯ રસીના ૭૦,૦૦૦ ડોઝ પૂરા પાડ્યા હતા. જેનાથી ડોમિનિકા તેના કેરેબિયન પાડોશીઓને મદદ કરી શકે.

### દિલ્હી એરપોર્ટે પ્રદૂષણને લઈને એડવાઇઝરી જાહેર કરી


**। નવી દિલ્હી, તા.૧૪ ।**

દિલ્હીમાં વાયુ પ્રદૂષણના કારણે દિલ્હી એરપોર્ટે મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં મુસાફરોને તેમની ઉડાન અંગે લેટેસ્ટ અપડેટ માટે સંબંધિત એરલાઈન્સનો સંપર્ક કરવા જણાવાયું છે. એડવાઈઝરીમાં લખવામાં આવ્યું છે કે દિલ્હી એરપોર્ટ પર તમામ ઉડાન હાલ સામાન્ય છે. દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (DIAL) એ સવારે ૭ વાગ્યે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, દિલ્હી એરપોર્ટ પર લો વિઝિબિલિટીની સ્થિતિમાં ઉપયોગી વિશેષ સુરક્ષા પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે. તમામ ફ્લાઈટ ઓપરેશન્સ હાલમાં સામાન્ય છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખ થી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૬૮ કરોડ
જનસંખ્યાને



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત નવેમ્બર – ૨૦૨૪ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

વિશેષ નોંધ : બાજરી/જુવારનો જથ્થો જે દુકાનમાં ઉપલબ્ધ હશે તે દુકાન પરથી મળવાપાત્ર છે.
બાજરી/જુવારનો જથ્થો પૂર્ણ થયા બાદ, બાજરી/જુવારની અવેજીમાં ઘઉં મળવાપાત્ર છે.

નવેમ્બર - ૨૦૨૪ માસનું વિતરણ
તારીખઃ ૦૧/૧૧/૨૦૨૪ થી ૩૦/૧૧/૨૦૨૪ સુધી ચાલુ રહેશે.

રાજ્ય સરકારની ખાંડ, મીઠું, ચણા, અને તુવેરદાળના
રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૨ | તુવેર દાળ (ઉપલબ્ધિ મુજબ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | ખાંડ (ઉપલબ્ધિ મુજબ) | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

નોંધ : ખાદ્યતેલ જે દુકાન પર ઉપલબ્ધ હશે તે દુકાનેથી પ્રતિ કાર્ડ ૧ લિ. પાઉચ રૂા. ૧૦૦ના ભાવે મળવાપાત્ર છે.

ઈ શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લીકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લીકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.
શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

# અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાશે કોલ્ડ પ્લે કોન્સર્ટ

## ૨૫મી જાન્યુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભવ્ય સંગીત સમારોહ યોજાશે બુક માય શો પર ૧૬ નવેમ્બરથી ટિકિટનું ઓનલાઈન વેચાણ થશે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૪ |

સંગીત પ્રેમીઓ માટે સારા સમાચાર છે. કોલ્ડપ્લેની કોન્સર્ટ ગુજરાતના આંગણે જ માણી શકાશે. મોદી સ્ટેડિયમમાં યોજાનારી આ કોન્સર્ટની ટિકિટ ૨૫૦૦ રૂપિયાથી શરૂ થશે. નોંધનીય છે કે આ શોની ટિકિટ મિનિટોમાં જ વેચાઈ જાય છે. પછી આ લાખો રૂપિયામાં બ્લેકમાં વેચાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમદાવાદમાં ઓનલાઈન ટિકિટ વેચાણ શરૂ થયાની થોડી જ મિનિટોમાં તમામ ટિકિટો વેચાઈ જશે. કોલ્ડપ્લેના ત્રણ કોન્સર્ટ ૧૮, ૧૯ અને ૨૧ જાન્યુઆરીએ મુંબઈમાં યોજાનાર છે. હવે તેમાં અમદાવાદનો પણ ઉમેરો થયો છે. મુંબઈમાં કોન્સર્ટની જાહેરાત થતાં જ ભારે ભીડને કારણે ઘણા લોકોને ટિકિટ મળી શકી ન હતી. ઓનલાઈન બુકિંગ માટે લાખો લોકોનું વેઈટિંગ લિસ્ટ હતું. ટિકિટ ન મળતા ઘણા ચાહકો નિરાશ થયા હતા.મુંબઈમાં ત્રણ શો હાઉસફુલ થઈ ગયા છે. તેમની ટિકિટો લાખોમાં બ્લેકમાં વેચાઈ રહી છે. તેવી જ રીતે હવે અમદાવાદમાં કોન્સર્ટની જાહેરાત થતાં શહેરની હોટલો હાઉસફુલ થઈ શકે છે. આ શો જોવા માટે અન્ય રાજ્યોમાંથી પણ લોકો આવશે. મોદી સ્ટેડિયમની ક્ષમતા ૧.૨૫ લાખ છે,



તેથી શહેરમાં સંગીતપ્રેમીઓનું પૂર ઉમટવાની શક્યતા છે. કોલ્ડપ્લે કોન્સર્ટ માટે ટિકિટ ખરીદવાના કેટલાક નિયમો છે. એક વ્યક્તિ વધુમાં વધુ ૪ ટિકિટ ખરીદી શકશે. કોન્સર્ટ ૪ કલાક સુધી ચાલશે. કોન્સર્ટમાં જતા પહેલા હાથ પર એલઈડી બેન્ડ બાંધવાનું રહેશે, જે બહાર નીકળતી વખતે પરત કરવું ફરજિયાત છે. કોન્સર્ટ માટે મુખ્ય બે પ્રકારની ટિકિટ હશે. બેઠક અને સ્થાયી બેઠકો માટે અલગ-અલગ ટિકિટ હશે. પરંતુ શો દરમિયાન તેઓ એક શ્રેણીમાંથી બીજી શ્રેણીમાં જઈ શકશે નહીં.આ અંગે અમદાવાદ શહેરના એડિશનલ પોલીસ કમિશનર (સેક્ટર-૧) નીરજ બડગુજરે જણાવ્યું હતું કે, આ કોલ્ડપ્લે કોન્સર્ટમાં આવનારા મહેમાનો અને સામાન્ય લોકોની સુરક્ષા અને પાર્કિંગની વ્યવસ્થા બરાબર રહેશે. તેમજ દર્શકોની કિંમતી સામાન, ખાસ કરીને મોબાઈલ ફોનની ચોરી અટકાવવા એન્ટી મોબાઈલ થેફ્ટ સ્ક્વોડ તૈનાત કરવામાં આવશે.

આ બેન્ડનું લાઈવ પરફોર્મન્સ જોવા માટે સમગ્ર વિશ્વમાં ક્રેઝ છે. બેન્ડમાં મુખ્ય ગાયક ક્રિસ માર્ટિન, ગિટારવાદક જોની બકલેન્ડ, બાસવાદક ગાય બેરીમેન અને ડ્રમર વિલ ચેમ્પિયન સહિત ચાર સભ્યોનો સમાવેશ થાય છે. ફિલ હાર્વે આ ગ્રુપના મેનેજર છે. બેન્ડ કોલ્ડપ્લેની રચના લંડનમાં ૧૯૯૭માં કરવામાં આવી હતી. બેન્ડમાં ક્રિસ માર્ટિન, જોની બકલેન્ડ, ગાય બેરીમેન, વિલ ચેમ્પિયન અને ફિલ હાર્વેનો સમાવેશ થાય છે. કોલ્ડપ્લેએ ૩૯ નોમિનેશનમાંથી ૭ ગ્રેમી એવોર્ડ જીત્યા છે.કોલ્ડપ્લેએ ૨૦૧૬માં મુંબઈમાં ગોલ્ડન સિટીઝન ફેસ્ટિવલમાં પરફોર્મ કર્યું હતું. ૮૦ હજાર લોકો આ શોનો ભાગ હતા, જેમાં ઘણા બોલિવૂડ સેલેબ્સ સામેલ હતા. હવે ૯ વર્ષ પછી બેન્ડ ભારત પરત આવી રહ્યું છે. કોલ્ડપ્લેના ગીતો 'હાઈમન ફોર ધ વીકએન્ડ', 'યલો', 'ફિક્સ યુ' ભારતમાં ખૂબ જ લોકપ્રિય છે.

# સોમનાથમાં આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળો ૨૦૨૪ અત્યાર સુધીના દરેક રેકર્ડ તોડ્યો

| (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૪ |

સોમનાથમાં આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળો ૨૦૨૪ અત્યાર સુધીના દરેક રેકર્ડ તોડી રહ્યો છે. જ્યારે મેળાની પ્રથમ રાત્રિએ ૧ લાખથી વધુ સેહલાણીઓનો સમુદ્ર ઘુઘવાટા મારી રહ્યો હતો. ત્યારે મેળાના બીજા દિવસે વિક્રમ જનક ૨,૦૦,૦૦૦ લાખથી વધુ મુલાકાતીઓ મેળામાં પધાર્યા હતા. ટ્રસ્ટ દ્વારા લોકોની સુરક્ષાને કેન્દ્રમાં રાખીને સરકારના સુરક્ષા માપદંડો મેળવવામાં નિષ્ફળ ગયેલ એજન્સીનું ટેન્ડર રદ કરી મોટી રાઈડ બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. ત્યારે આ નિર્ણય લોકો અને વેપારીઓ બંને માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. જે સામાન્ય પરિવારો મેળામાં બે કે ત્રણ રાઈડમાં બેસીને ખાણીપીણીમાં ઓછો ખર્ચો કરતા તેની સામે ખાણીપીણી, રાચરચીલાનો વ્યાપાર અનેક ગણો વધ્યો છે. અત્યાર સુધી ક્યારેય પહેલા દિવસે ન આવી હોય તેટલી મેદની ૨ દિવસમાં જોવા મળી છે જેથી મેળામાં વેપ ારીઓ આનંદમાં છે. સાથે મેળામાં આવનાર મુલાકાતિઓ પણ જણાવી રહ્યા છે કે મેળામાં રાઈડ્સમાં ખર્ચો કરવા ઉપરાંત પણ સલામતીની ચિંતા સતાવતી હોય છે. ત્યારે સોમનાથ ટ્રસ્ટે સલામતી ન હોય તેવી રાઈડ્સ બંધ રાખવાનો જે નિર્ણય કર્યો છે. તેને કારણે સુરક્ષિત પણ અનુભવીએ છીએ સાથે સાથે જે રાઈડ્સમાં ખર્ચો કરવાના હતા તે બાળકો સાથે ખાણીપીણી અને ખરીદીમાં કરીએ છીએ જેથી પરિવાર પણ ખુશ છે. મેળાના બીજા દિવસે ૨,૦૦,૦૦૦ થી વધુ લોકોએ હસ્તકલા, રાચરચીલું, ફૂડ માર્કેટ, જેલના ભજીયા, સુપ્રસિદ્ધ ગુજરાતી ગાયિકા અપેક્ષા પંડ્યા અને વૃંદની સંગીત સાધના સાથે સાથે મેળાના પરંપરાગત અને આધુનિક બંને પ્રકારના મનોરંજન મેળવ્યા હતા. નાના બાળકો માટે રાખવામાં આવેલ ૫૦ જેટલી રાઈડ્સ અને ગીરનું ગામડું, પંચદેવ મંદિર, કલ્પ વૃક્ષ સેલ્ફી પોઈન્ટ, જેવા મનોહર પ્રદર્શનોને કારણે મેળામાં લોકોને વિશેષ આકર્ષણ જાગ્યું છે. લોકોએ આ મેળામાં પોતાના પરિવાર સાથે ઉમંગભર્યા માહોલમાં ભાગ લીધો છે. જોવા મળી રહ્યું છે કે સરેરાશ મુલાકાતિઓની ખરીદશક્તિ વધી છે. જેના કારણે મેળાના વિવિધ સ્ટોલ્સ પરના વ્યાપારીઓને ગત વર્ષોની સાપેક્ષમાં અપેક્ષા કરતાં બમણું વેચાણ થતાં અર્થતંત્ર તંદુરસ્ત રીતે ખીલ્યું છે. ત્યારે આટલી મોટી સંખ્યામાં આવનાર મુલાકાતીઓ માટે ટ્રસ્ટ દ્વારા વિશાળ પાર્કિંગ પાણી સહિતની પ્રાથમિક વ્યવસ્થાઓ ગોઠવી છે. સાથે સાથે મેળાની સુરક્ષાને પણ અગ્રીમતા આપવામાં આવી છે ફાયર ટેન્ડર સહિતની ટીમ એમ્બ્યુલન્સ મેળામાં સ્ટેન્ડ બાય રખાયા છે. મેળાને ચારે તરફથી પોલીસ સુરક્ષા પણ મળી છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે પૂરતો પોલીસ ફોર્સ ગોઠવવામાં આવ્યો છે, સાથે જ ગીર સોમનાથ પોલીસ દ્વારા ડ્રોન સર્વેલન્સ કરીને સુરક્ષાની સમીક્ષા પણ કરવામાં આવી રહી છે.

# ૧૦૦ પ્રીમીયમ ચૂકવીને પોતાના પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકાશે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૪ |

ગુજરાતના પશુપાલકોના વ્યાપક હિતને ધ્યાને લઈ રાજ્ય સરકારે ચાલુ વર્ષે રૂ. ૨૩ કરોડની બજેટ જોગવાઈ સાથે ''પશુધન વીમા સહાય યોજના'' અમલમાં મૂકી છે. પશુમૃત્યુના સંજોગોમાં પશુપાલકોને થતા આર્થિક નુકશાન સામે રક્ષણ પૂરું પાડવાના શુભ આશયથી રાજ્ય સરકારે આ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનો લાભ મેળવીને ગુજરાતનો પશુપાલક વીમાની રકમમાંથી નવુ પશુ ખરીદીને પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકશે, તેમ પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પશુપાલકોને પશુ વીમા લેવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે ભારત સરકારના નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળ પણ પશુપાલકોને વીમા પ્રીમીયમમાં સબસીડી ચૂકવવામાં આવે છે. ભારત સરકારની સબસીડી બાદ થતા પશુપાલકોના ભાગે આવતી વીમા પ્રીમિયમની શેષ રકમમાં ઘટાડો કરીને વધુ સહાય પૂરી પાડવા રાજ્ય સરકારે ''પશુધન વીમા સહાય યોજના'' અમલમાં મૂકી છે. ભારત સરકારના નેશનલ લાઈવસ્ટોક મિશન અને રાજ્ય સરકારની પશુધન વીમા સહાય યોજનાને વધુ અસરકારક બનાવવા માટે ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અને ICICI લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ. વચ્ચે MoU કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પશુપાલન મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પશુધન વીમા યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો ઓનલાઈન અરજી કરી શકે તે માટે આવતીકાલ તા. ૧૪ નવેમ્બરથી આગામી એક મહિના સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવશે. અરજી કરી હોય તેવા પશુપાલકો પૈકી પસંદ થયેલા પશુપાલકોને પ્રતિ લાભાર્થી ૧ થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે આ સહાય આપવામાં આવશે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, આ યોજનાનો લાભ મેળવીને પશુપાલક વીમા કંપનીને પ્રતિ પશુ માત્ર રૂ. ૧૦૦ પ્રીમીયમ ચૂકવીને પોતાના પશુઓને વીમાથી સુરક્ષિત કરી શકશે. જ્યારે, બાકીની શેષ પ્રીમીયમની રકમ સબસીડી પેટે સરકાર દ્વારા વીમા કંપનીને ચૂકવવામાં આવશે. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના આશરે ૫૦,૦૦૦ જેટલા પશુઓને આ યોજના હેઠળ આવરી લેવાનું રાજ્ય સરકારે આયોજન કર્યું છે. ભવિષ્યમાં ક્લેઈમ રજુ કરવા સમયે પશુપાલકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પશુપાલકે વીમા કંપનીના પ્રતિનિધિ પાસેથી પ્રીમિયમ ચૂકવ્યાની પહોંચ અથવા પોલિસીની નકલ અચૂક મેળવી લેવી, તેવો પશુપાલન મંત્રીએ અનુરોધ કર્યો હતો.

### ૧૬ એમ્બ્યુલન્સ પણ ખડે પગે રાખવામાં આવી છે

# લીલી પરિક્રમા કરનાર યાત્રાળુઓની વ્હારે આવી ૧૦૮ સેવા, એક દિવસમાં ૧૨૩ લોકોના જીવ બચાવ્યા

| (એજન્સી) જૂનાગઢ,તા.૧૪ |

જૂનાગઢમાં લીલી પરિક્રમા શરૂ થઈ ચુકી છે. લીલી પરિક્રમામાં યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને ૧૦૮ની સેવા સહિત અનેક સુવિધાઓ ગોઠવવામાં આવી છે. લીલી પરિક્રમા પદયાત્રીઓ માટે ૧૦૮ની સુવિધા ૨૪૭૭ શરૂ રહેશે. જેમાં પરિક્રમાના પહેલાં દિવસે જ ૧૦૮ સેવા ૧૨૩ જેટલાં દર્દીઓની વ્હારે આવી હતી. તેવામાં જૂનાગઢ જિલ્લાના કલેક્ટર માર્ગદર્શન હેઠળ લીલી પરિક્રમાના ૩૬ કિ.મી. માર્ગમાં યાત્રાળુના આરોગ્યને ધ્યાનમાં રાખીને ૧૦ જેટલા હંગામી દવાખાના ઉભા કરાયાં, આ સાથે ૧૬ એમ્બ્યુલન્સ પણ ખડે પગે રાખવામાં



આવી છે. જેમાં એક જ દિવસમાં ૧૦૮ દ્વારા ૧૨૩ દર્દીઓની સ્થળ પર જ સારવાર કરી યોગ્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જૂનાગઢમાં પરિક્રમા દરમિયાન યાત્રાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વિવિધ વિભાગ અને તેના કંટ્રોલ રૂમના નંબર પર જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જિલ્લા આપતિ વ્યવસ્થાપનવ કેન્દ્ર, પોલીસ વિભાગ, ફાયર ઈમરજન્સી, ૧૦૮ સેવા, સિવિલ હોસ્પિટલ કંટ્રોલ રૂમ, સહાયતા કેન્દ્રપ સેન્ટ્રલ બસ સ્ટેન્ડ, ટ્રાફિક પોલીસ, વન વિભાગ, SDRF અને SEOC GANDHINAGAR નો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, ભવનાથ પોલીસ સ્ટેશન, મેંદપરા, બીલખા રામનાથ મંદિર, ભવનાથ એન્ટ્રીગેટ, કાળવા ચોક તરફ, ભવનાથ પાર્કિંગ, રેલ્વે સ્ટેશન, ગિરનાર પર્વત પાસે, વંથલી બાયપાસ હાઈવે રોડ પર આ સેવા સ્થળાંતરિત કરી અને ટીમ ને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.આ સિવાય પરિક્રમાને લગતાં લગભગ ૩૭ જેટલાં પરિક્રમારૂટ પર સ્થળાંતર કરવામાં ૧૦૮ એ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### વાવ વિધાનસભા પેટા ચૂંટણીનું મતદાન

# વાવમાં વટની જંગમાં મતદારોએ જમાવટ કરી, અંદાજે ૭૦ ટકા કરતા વધુ મતદાન

## વાવના ભાચલી ગામે ૧૬૦૦ જેટલા કુલ મતદારોની સામે ૯૦૦ થી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતા

| (એજન્સી) બનાસકાંઠા, તા.૧૪ |

વાવ બેઠક પરથી કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે જીત મેળવીને સાંસદ તરીકે ચૂંટાયા બાદ ધારાસભ્ય પદેથી રાજીનામું આપવાને કારણે વાવની બેઠક ખાલી પડી છે. જેથી ગુજરાતમાં આજે વાવ વિધાનસભા પેટા ચૂંટણીનું આજે મતદાન યોજાયું હતું. સવારે ૭ વાગ્યાથી મતદાનની શરૂઆત થઈ હતી. વાવમાં આ વખતે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ વચ્ચે ત્રિપાંખિયો જંગ છે. કુલ ૧૦ ઉમેદવારો વચ્ચે યોજનાર ચૂંટણીમાં ૩.૧૦ લાખ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વાવમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૭૦ ટકાથી વધુ મતદાન થયું છે. મતદાનના છેલ્લા સમયે પણ ઘણા મતદાન મથક પર લાંબી લાઈન જોવા મળી હતી. વાવના ભાચલી ગામે ૧૬૦૦ જેટલા કુલ મતદારોની સામે ૯૦૦થી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વાવ વિધાનસભા પેટા ચૂંટણીનું પરિણામ ૨૩મી નવેમ્બરના રોજ જાહેર થશે. સાંસદ ગેનીબેન ઠાકોર પોતાના વતન અબાસણા પહોંચ્યા હતા. અબાસણા ગામ રાજનગર પ્રાથમિક શાળામાં ગેનીબેન ઠાકોરે મતદાન કર્યું હતું. વધુમાં વધુ મતદાન થાય તેને લઈને ગેનીબેન ઠાકોરે મતદારોને અપીલ કરી છે. તેમણે કહ્યું કે, ''કોંગ્રેસને વાવની જનતા આશીર્વાદ આપશે. કમળ પર ગુલાબ ભારે પડશે. ૮૦ ટકા આસપાસ મતદાન રહેવાનો મને અંદાજ છે.''વાવ વિધાનસભાના અપક્ષના ઉમેદવાર માવજીભાઈ પટેલ ઢીમા ખાતે પહોંચ્યા હતા. અહીં તેમણે ધરણીધર ભગવાનના દર્શન કર્યા હતા. જ્યારે મંદિરના પૂજારી પાસેથી માવજીભાઈ પટેલે આશીર્વાદ મેળવ્યા હતા. ધરણીધર ભગવાનના દર્શન બાદ તેમણે ઢીમણનાગના દર્શન કર્યા હતા. દર્શન બાદ માવજીભાઈ પટેલે પોતાના જીતની આશા વ્યક્ત કરી હતી.

### જેબિલ ૨૦૨૭ સુધીમાં કાર્યક્ષેત્ર વિસ્તારવા પ્રતિબદ્ધ

# ગુજરાતના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ તથા વૈશ્વિક અગ્રણી જેબિલ વચ્ચે થયા MOU

## મોદીની મેઈક ઇન ઇન્ડિયા પહેલને આ MOUથી વેગ મળશે

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ |

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન DSIRમાં ૧૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સર્વિસીસ EMS યુનિટ શરૂ કરવાની નેમ લેવામાં આવી છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મેઈક ઈન ઈન્ડિયા પહેલને આ MOUથી વેગ મળશે. તેવી વાત સાથે MOU કરાયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની ટેક ઈકો સિસ્ટમમાં નવું સીમાચિહ્ન ઉમેરતા રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે વૈશ્વિક અગ્રણી જેબિલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર MOU કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત ટેકનોલોજી અને ઉદ્યોગોમાં નોંધપાત્ર પરિવર્તનનું વાહક બન્યું છે અને ડિજિટલ ઈનોવેશન માટે વૈશ્વિક હબ બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે. આ સંદર્ભમાં ભારત સેમિકન્ડક્ટર મિશન, ઈન્ડિયા એઆઈ મિશન, નેશનલ ક્વોન્ટમ મિશન જેવી અગ્રણી પહેલો સાથે AI, IOT અને 5 G ટેકનોલોજી સાથે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગો મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા સજ્જ થયા છે. વડાપ્રધાનના દિશાદર્શન અને મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત આ પરિવર્તન યાત્રામાં અગ્રેસર છે તેને વધુ વેગવંતી બનાવવામાં આ MOU એક વધુ સફળ કદમ બનશે. ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ અને એન્જીનિયરીંગ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઈન સોલ્યુશન્સ માં વર્લ્ડ લીડર જેબિલ વચ્ચે થયેલા આ MOU અનુસાર ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન DSIRમાં ૧૦૦૦ કરોડ રૂપિયાના સંભવિત રોકાણોની નેમ જેબિલ ધરાવે છે. આ નવા યુનિટ સાથે જેબિલ અને ગુજરાત સરકાર સાથે મળીને નેટવર્કિંગ, કેપિટલ ગુડસ, ઓટોમોટિવ અને અન્ય વિષયમાં પણ ધ્યાન કેન્દ્રિત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં થયેલા આ MOU અન્વયે જેબિલ આગામી ૨૦૨૭ સુધીમાં પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારવા અને અંદાજે ૫૦૦૦થી વધુ રોજગાર અવસરો પૂરા પાડવા પ્રતિબદ્ધ છે. આ MOU પર જબીલ વતી બી એન શુક્લા, (ઓપરેશન ડાયરેક્ટર) અને મનીષ ગુરવાણી, મિશન ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# રાજકોટમાં ડેન્ગ્યુંને કારણે બે જણાના મોત નીપજતા તંત્ર દોડતું થયું

| (એજન્સી) રાજકોટ, તા.૧૪ |

રાજકોટ શહેરમાં રોગચાળઓ વકર્યો છે જેમાં ડેન્ગ્યુંથી ૨ લોકોના મોત થયા હોવાની વાત સામે આવી છે.ડેન્ગ્યુથી ૨૧ વર્ષના યુવક અને ૧૦ વર્ષીય બાળકીનું સારવાર દરમિયાન નિપજયું મોત,હાલમાં આરોગ્ય વિભાગે સમગ્ર વાતને લઈ તપાસ હાથધરી છે તેમજ જે વિસ્તારમાં મૃતકો રહેતા હતા તે વિસ્તારમાં દવાનો છંટકાવ અને ફોંગિંગની કામગીરી પણ કરાઈ છે.હાલમાં રાજયમાં બે ઋતુનો અનુભવ થઈ રહ્યો છે,બપોરે ગરમી તેમજ વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે,રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પણ રોજ ઓપીડીમાં લાંબી લાઈનો લાગે છે,રાજકોટ કોર્પોરેશનની આરોગ્ય વિભાગની ટીમે સમગ્ર રાજકોટમાં હાલ ફોંગિગની અને દવાની છંટાકાવ કામગીરી શરૂ કરી છે.ચોખ્ખા પાણીમાં એડિસ મચ્છર ઈંડા મુકે છે. જેમાંથી પ્રથમ પોરા ત્યાર બાદ પ્યુપા તેમજ પુખ્ત મચ્છર બને છે. આમ ઈંડામાંથી પુખ્ત મચ્છર બનતા ૭થી ૧૦ દિવસનો સમય લાગે છે. મચ્છરનું જીવનચક્ર ટુંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપ થી થાય છે.

# વડાપ્રધાને પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ કેન્દ્રનું ઈ-લોકાર્પણ કર્યું

## અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન તેમજ સાબરમતીના ધારાસભ્ય હસમુખ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિત જોવા મળી

| (એજન્સી) અમદાવાદ,તા.૧૪ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચાંદલોડિયા- B રેલ્વે સ્ટેશન ખાતે 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર'નું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદનાં મેયર પ્રતિભાબહેન જૈન ચાંદલોડિયા - B રેલ્વે સ્ટેશન ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બિહારના દરભંગાથી દેશમાં એકસાથે ૧૮ 'પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રો'નું ઈ - લોકાર્પણ કર્યું હતું, જેનું જીવંત પ્રસારણ અમદાવાદ ચાંદલોડિયા B રેલ્વે સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને ઉપસ્થિત તમામ લોકોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આજે અમદાવાદ ચાંદલોડિયા B રેલવે સ્ટેશન સહિત ૧૮ રેલવે સ્ટેશન






પર પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રની શરૂઆત કરાઈ છે. જે બદલ આપણે સૌ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આભારી છીએ અને દેશ આ પ્રકારની ઉમદા કામગીરી બદલ આજે ગૌરવ અનુભવી રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર થકી લોકોને ખૂબ જ નજીવા દરે ગુણવત્તાયુક્ત દવા પ્રાપ્ત થશે, જેથી લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થશે. આજે દેશમાં ૧૩,૮૨૨ 'પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર' કાર્યરત છે, અને સરકાર દ્વારા હજુ પણ તેમાં વધારો આવી રહ્યો છે તે આપણા સૌ માટે ખૂબ જ આનંદની વાત છે, તેમ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે શ્રીમતી પ્રતિભાબહેન જૈન દ્વારા મહિલા પોલીસકર્મીઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સાબરમતીના ધારાસભ્ય હસમુખભાઈ પટેલે કર્યું હતું. તેમજ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ મંડલના રેલવે પ્રબંધક અને DRM શ્રી સુધીરકુમાર શર્મા, સિનિયર DCM શ્રી અનુ ત્યાગી તેમજ રેલવેના વિવિધ વિભાગના કર્મચારીશ્રીઓ, આરોગ્ય વિભાગના કર્મચારીશ્રીઓ તેમજ અન્ય પદાધિકારીશ્રીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સાળંગપુર હનુમાનજીને ૧૪ કિલો ચાંદી-૧.૮ લાખથી વધુ હીરાજડિત વાઘા

| (એજન્સી) સાળંગપુર, તા.૧૪ |

ગુજરાતના વડતાલ ધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં સાળંગપુર ધામ શ્રી કષ્ટભંજક હનુમાનજી મંદિર ખાતે સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી બુધવારે (૧૩ નવેમ્બર) કષ્ટભંજનદેવને ૩૧ લાખની કિંમતના ૧૪ કિલો ચાંદી અને ૧.૮ લાખથી વધુના હીરાજડિત વાઘા અને ફૂલોનો શણગાર કરવામાં આવ્યો હતો. સાળંગપુરમાં કષ્ટભંજનદેવને ચાંદીના ૧ લાખ ૮ હજારથી વધુના હીરાજડિત વાઘા પહેરાવવામાં આવ્યા હતાં, જેનું વજન ૧૫ કિલો હતું. આ સાથે જ કષ્ટભંજનદેવના મુગટમાં ૭ હજાર અને કુંડળમાં ૩ હજાર હીરા લગાવવામાં આવ્યા હતાં. આ વાઘાની કુલ કિંમત રૂપિયા ૩૧ લાખ જેટલી છે. આ વાઘા બનાવવા માટે ૮ મુખ્ય ડિઝાઈનર અને કારીગરોએ લગભગ ૧૮૦૦ કલાક કામ કર્યું હતું.કષ્ટભંજન હનુમાનજીના આ વાઘામાં ઉપયોગમાં લેવાયેલી ચાંદીમાં પણ ૧ લાખ ૮ હજારથી વધુના ડાયમંડ લગાવવામાં આવ્યા હતાં. આ ઉપરાંત વાઘામાં ૨૦૦ અસલ ડાયમંડ, ૧૦૦ ગ્રામ રોડિયમ, ૨૦૦ માણેક અને ૨૦૦ પન્ના જડવામાં આવ્યાં છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### અરવિંદ કેજરીવાલે તિરુપતિ બાલાજીના દર્શન કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ આજે તિરુપતિ બાલાજી મંદિર પહોંચ્યા હતા. અહીં તેમણે પરિવાર સાથે તિરુપતિ બાલાજી મંદિરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમની પત્ની સુનિત કેજરીવાલ પણ તેમની સાથે રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ પહેલા અરવિંદ કેજરીવાલ અને તેમની પત્ની સુનીતા કેજરીવાલ જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં સ્થિત માતા વૈષ્ણો દેવી મંદિરના દર્શન કરી ચૂક્યા છે. આ દરમિયાન તેમની સાથે અન્ય લોકો પણ હાજર હતા. આ દરમિયાન અરવિંદ કેજરીવાલે આરતીમાં ભાગ લીધો હતો અને માતા વૈષ્ણોના આશીર્વાદ લીધા હતા. અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા સાઈટ ઠ પર આ અંગે એક પોસ્ટ પણ શેર કરી હતી. પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા સાઈટ પર લખ્યું માતા રાણી સૌને આશીર્વાદ આપે અને આશીર્વાદ આપે. માતા દેવીની જયજયકાર.' તમને જણાવી દઈએ કે આ વર્ષે માર્ચ મહિનામાં અરવિંદ કેજરીવાલની દિલ્હી લિકર પોલિસી કેસમાં ઈઢ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં સુપ્રીમ કોર્ટે અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા.

### ISRO પર ખર્ચવામાં આવેલ ૧ રૂપિયાનું અઢી ગણું વળતર મળ્યું

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૪ ।

ISRO એટલે કે ભારતીય સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના અધ્યક્ષ એસ સોમનાથે મંગળવારે જણાવ્યું હતું કે ઈસરોએ હાલમાં જ એ જાણવા માટે એક અભ્યાસ હાથ ધર્યો છે કે શું સ્પેસ એજન્સીમાં રોકાણ કરાયેલા નાણાંથી સમાજને કોઈ ફાયદો થયો છે કે નહીં. તેઓ કર્ણાટક રેસિડેન્શિયલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટ સોસાયટી KREIS પહોંચ્યા હતા, જ્યાં તેમણે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. સંવાદ સત્ર દરમિયાન એક પ્રશ્ન પર, તેમણે કહ્યું કે અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ISRO પર ખર્ચવામાં આવતા દરેક રૂપિયા માટે, સોસાયટીને ૨.૫૦ રૂપિયા પાછા મળ્યા છે. આ સત્રનું આયોજન કર્ણાટક સરકારના સમાજ કલ્યાણ વિભાગ અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. સોમનાથના કહેવા પ્રમાણે, 'ઈસરોનો ઉદ્દેશ્ય અવકાશ ક્ષેત્રમાં સક્રિય દેશો સાથે વર્ચસ્વની લડાઈમાં સામેલ થવાને બદલે દેશની સેવા કરવાનો છે. આ કરવા માટે, ઈસરોને તે જે કરવા માંગે છે તે કરવાની સ્વતંત્રતાની જરૂર છે. તેમણે કહ્યું કે સ્પેસ ટેક્નોલોજીમાં બિઝનેસની તકો માટે ઈકોસિસ્ટમ બનાવીને આ સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકાય છે. સોમનાથે કહ્યું, 'ચંદ્ર સંબંધિત મિશન ખૂબ ખર્ચાળ છે અને અમે ભંડોળ માટે માત્ર સરકાર પર આધાર રાખી શકતા નથી.

### તુલસી ગાબાર્ડને ટ્રમ્પે નેશનલ ઈન્ટેલિજન્સના ડાયરેક્ટર બનાવ્યા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની ટીમમાં એક હિન્દુ જાંબાઝ મહિલાને જગ્યા આપી છે. તુલસી ગાબાર્ડને ટ્રમ્પે નેશનલ ઈન્ટેલિજન્સના ડાયરેક્ટર બનાવ્યા છે. પૂર્વ ડેમોક્રેટિક તુલસીએ બાદમાં ટ્રમ્પને સપોર્ટ કર્યો હતો. આવામાં તેમની નિયુક્તિ એક મોટો નિર્ણય કહી શકાય. સેનામાં તૈનાત રહેલા તુલસી એક ડેમોક્રેટિક તરીકે ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પણ ઝંપ લાવ્યું હતું. જો કે નિષ્ફળ રહ્યા. ૨૦૨૨માં તેમણે બાઈડેનની ડેમોક્રેટિક પાર્ટી છોડી દીધી અને ત્યારબાદ તેમણે ટ્રમ્પ માટે કેમ્પેઈનિંગ કર્યું. તેઓ જગ જાહેર હિન્દુ ધર્મનું પાલન કરે છે અને મંચ પરથી રામ નામ પણ ભજે છે. વાત જાણે એમ છે કે તુલસી ગાબાર્ડના માતા હિન્દુ ધર્મનું પાલન કરે છે. જ્યારે પિતા સમોઆથી છે. હિન્દુ ધર્મ સાથે ગાઢ નાતો હોવાને કારણે જ તેમનું નામ તુલસી રાખવામાં આવ્યું. તેઓ સેનામાં હતા ત્યારે ઈરાકમાં તૈનાત રહ્યા હતા. સોશિયલ મીડિયા પર ઘણા સમયથી ચર્ચા હતી કે ટ્રમ્પની જીત બાદ તેમને મોટી જવાબદારી સોંપાઈ શકાય છે. જાહેરાત બાદ તેમણે ટ્રમ્પનો આભાર પણ વ્યક્ત કર્યો. તુલસી ગાબાર્ડ માથા પર તિલક લગાવે છે અને હાલમાં ઈસ્કોન મંદિરના કાર્યક્રમમાં પણ સામેલ થયા હતા. તે સમયે તેમણે હિન્દીમાં જયકાર કર્યો હતો. બાદમાં હરે રામ હરે રામ રામ રામ હરે હરે...ભજન પણ ગાયું હતું.

**બસમાં રહેલા બાળકોને સુરક્ષિત રીતે બહાર કઢાયા । આગ લાગતા ડ્રાઇવર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો**

# ગાઝિયાબાદમાં પોલીસ સ્ટેશન નજીક ખાનગી સ્કૂલ બસ સળગી

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૧૪ ।

ગાઝિયાબાદના સાહિબાબાદમાં કૌશાંબી પોલીસ સ્ટેશન નજીક ગુરુવારે સવારે એક ખાનગી સ્કુલ બસમાં આગ લાગી ગઈ. ડ્રાઈવર બસ છોડીને ભાગી ગયો. રાહતની વાત એ રહી કે બાળકોને સુરક્ષિત બહાર કાઢી લેવાયા. માહિતી મળવા પર ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો.

સ્કુલ બસમાં આગ લાગતાં જ બાળકો ચીસો પાડવા લાગ્યા હતા. બાળકોની ચીસોનો અવાજ સાંભળીને અમુક લોકો દોડીને આવ્યા અને સમયસર બાળકોને બચાવી લેવાયા. તે બાદ પોલીસ અને ફાયર વિભાગને આગની માહિતી આપવામાં આવી. મળતી જાણકારી અનુસાર વૈશાલી ફાયર સ્ટેશન પર ગુરુવારે સવારે માહિતી મળી. સ્કુલ બસમાં આગ લાગવાની માહિતી મળતાં જ અધિકારીઓના હાથ-પગ ફૂલી ગયા. ફાયર સ્ટેશન પર માહિતી મળી હતી કે કૌશાંબી પોલીસ સ્ટેશન નજીક એક સ્કુલ બસમાં આગ લાગી ગઈ છે. ફાયર બ્રિગેડના મુખ્ય અધિકારી રાહુલ પાલ ટીમની સાથે ઘટના સ્થળે પહોંચ્યા. તેમણે ઘટના સ્થળે તપાસ કરી અને આગ લાગવાના કારણની માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો. જોકે, હજુ એ ખબર પડી નથી કે બસમાં આગ કેવી રીતે લાગી. પોલીસના જણાવ્યા અનુસાર બસમાંથી ધૂમાડો નીકળી રહ્યો હતો. બાળક બસમાંથી ઉતરી રહ્યા હતા. બાળકોને ઝડપથી બસમાંથી ઉતારવામાં આવ્યા. ત્યારે બસથી આગની જ્વાળાઓ નીકળવા લાગી.

જ્યારે બાળકોના વાલીઓને બસમાં આગ લાગવાની માહિતી મળી તો તેઓ ચોંકી ગયા. તમામ બાળકોના પરિવારજનો અફરા-તફરીમાં ઘટના સ્થળે પહોંચ્યા. જ્યારે બાળકોને બસમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા. ત્યારે તમામ વાલીઓએ રાહતના શ્વાસ લીધા. તે બાદ તમામ વાલી પોત-પોતાના બાળકોને ઘરે લઈ ગયા. આ ઘટનાથી બાળકોની અંદર ડર બેસી ગયો છે. તપાસમાં સામે આવ્યું કે આ બસ દિલ્હી પ્રીત વિહારના મધર્સ ગ્લોબલ સ્કુલની છે. બસમાં લગભગ ૧૬ બાળકો સવાર હતા. ફાયર બ્રિગેડના મુખ્ય અધિકારી રાહુલ પાલે જણાવ્યું કે આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ માનવામાં આવી રહ્યું છે. ઘટના દરમિયાન ડ્રાઈવર બસ છોડીને ભાગી ગયો હતો. આગથી કોઈ જાનહાનિ થઈ નથી.

**મહારાષ્ટ્રમાં આઘાડી ટેન્શનમાં**

# હવે કોંગ્રેસ પાર્ટીનો પણ મુખ્યમંત્રી પદ ઉપર દાવો

**કોંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણે મધ્ય-ચૂંટણીમાં મુખ્યમંત્રી પદને તેમની પાર્ટીનો અધિકાર ગણાવ્યો હતો**

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જાહેરાત પહેલા ઉદ્ધવ ઠાકરેએ માંગ કરી હતી કે મહાવિકાસ અઘાડીએ પહેલાથી જ સીએમ ચહેરા પર નિર્ણય લેવો જોઈએ. ત્યારે કોંગ્રેસ અને શરદ પવારે કહ્યું કે અત્યારે ચૂંટણી એક થઈને લડવી જોઈએ અને આ અંગે નિર્ણય પછી લેવામાં આવશે. આ રીતે ઉદ્ધવ ઠાકરેનો દાવો સાઈડલાઈન થઈ ગયો હતો. પરંતુ કોંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણે મધ્ય-ચૂંટણીમાં સીએમ પદને તેમની પાર્ટીનો અધિકાર ગણાવ્યો હતો. જેના કારણે નવો વિવાદ ઉભો થઈ શકે છે. પૃથ્વીરાજ ચવ્હાણે કહ્યું કે અમને વિશ્વાસ છે કે મહાવિકાસ અઘાડી ચૂંટણી જીતશે અને આગામી સીએમ હવે કોંગ્રેસના જ હશે.

પૂર્વ સીએમએ ઈકોનોમિક ટાઈમ્સને જણાવ્યું હતું કે ઈજીજીના એક વરિષ્ઠ નેતાએ તેમનો સંપર્ક કર્યો હતો અને તેમને ભાજપમાં જોડાવાનું કહ્યું હતું. તેમણે કહ્યું કે હું કોંગ્રેસમાં જ રહીશ અને આ વખતે ચૂંટણી પછી અમે મુખ્યમંત્રી બનીશું. હવે ઉદ્ધવ ઠાકરે જૂથ પણ પૃથ્વીરાજ ચવ્હાણના કોંગ્રેસના સીએમ પદનો દાવો કરતા નિવેદન પર પ્રતિક્રિયા આપી શકે છે. ખાસ કરીને ચૂંટણી વચ્ચે પૃથ્વીરાજ ચવ્હાણ આવો દાવો કરતા મહાગઠબંધનમાં નવી ચર્ચા શરૂ થઈ શકે છે.

પૃથ્વીરાજ ચવ્હાણે પણ સ્વીકાર્યું કે દક્ષિણ કરાડ બેઠક પર તેઓ ચુસ્ત લડાઈનો સામનો કરી રહ્યા છે. બીજેપીના અતુલ ભોસલે અહીંથી હરીફાઈમાં છે, જે કહે છે કે જો તેઓ ચૂંટણી જીતશે તો આ વિસ્તારમાં વધુ ફંડ લાવશે. તેના પર ચવ્હાણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં હાર બાદ આવું થઈ રહ્યું છે.

બીજેપી હવે હોર્ડિંગ્સ લગાવી રહી છે અને દાવો કરી રહી છે કે જો અમે જીતીશું તો વધુ ફંડ લાવીશું. પરંતુ આવું કંઈ થઈ રહ્યું નથી. તેમના તમામ પ્રોજેક્ટ કાગળ પર છે અને હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. જમીન પર કોઈ કામ દેખાતું નથી. નોંધનીય છે કે ઉદ્ધવ ઠાકરેએ પણ ચૂંટણી પહેલા કહ્યું હતું કે સીએમનો નિર્ણય કોણે વધુ સીટો જીતી છે તેના પર આધારિત નથી. તેમનો સીધો સંકેત હતો કે કોંગ્રેસને મહત્તમ બેઠકો મળે તો પણ સીએમ પદ પર તેમનો દાવો યથાવત રહેશે.

હકીકતમાં, આ જ કારણ હતું કે વધુ બેઠકો પર કોણ ચૂંટણી લડશે તે અંગે બંને પક્ષો વચ્ચે લાંબી ખેંચતાણ ચાલી રહી હતી. અંતે, કોંગ્રેસ અને ઉદ્ધવ સેના વચ્ચે માત્ર બેઠકોનો નજીવો તફાવત રહ્યો અને ઉદ્ધવ કેમ્પ તેને પોતાની તાકાત તરીકે જોઈ રહ્યું છે. જો કે સાચુ સમીકરણ ચૂંટણી બાદ જ ખબર પડશે.

# અમાનતુલ્લા ખાનને વકફ કેસમાં આખરે રાહત મળી

**સ્પેશિયલ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ચાર્જશીટને ધ્યાનમાં લેવા માટેનો ઇનકાર કરી દીધો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।




અમાનતુલ્લા ખાનને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાંથી આજે ગુરુવારે મોટી રાહત મળી છે. સ્પેશિયલ કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ચાર્જશીટને ધ્યાનમાં લેવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું કે, અમાનતુલ્લા ખાન વિરુદ્ધ ઘણા પુરાવા છે. પરંતુ ફરિયાદ પક્ષ પાસે તેની સામે કાર્યવાહી કરવા માટે કોઈ કલમ નથી. કોર્ટે મરિયમ સિદ્દીકીને પણ નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે અમાનતુલ્લા ખાનને ૧ લાખ રૂપિયાના બોન્ડ પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસની સુનાવણી સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંહની કોર્ટ દ્વારા કરવામાં આવી હતી.

આ પહેલા બુધવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં કેસની સુનાવણી થઈ હતી. જેમાં ED અને અમાનતુલ્લા ખાનના વકીલોએ પોતપોતાની દલીલો રજૂ કરી હતી. દિલ્હી વકફ બોર્ડ કેસમાં AAP ધારાસભ્ય સામે ED દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને ધ્યાનમાં લેવી કે નહીં તે અંગે કોર્ટે સંજ્ઞાન લેવું પડ્યું હતું. બુધવારે કોર્ટે દલીલો સાંભળ્યા બાદ નિર્ણય અનામત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન EDએ દાવો કર્યો હતો કે, તેની પાસે આ કેસમાં આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે પૂરતા પુરાવા છે.

EDએ ૨૯ ઓક્ટોબરના રોજ ૧૧૦ પાનાની પ્રથમ સપ્લિમેન્ટરી પ્રોસિક્યુશન ફરિયાદ (EDની ચાર્જશીટની સમકક્ષ) દાખલ કરી હતી, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, ખાને દિલ્હી વકફ બોર્ડમાં કથિત ભ્રષ્ટાચાર દ્વારા કમાયેલા નાણાંની લોન્ડરિંગ કરી હતી. મરિયમ સિદ્દીકીની ચાર્જશીટમાં શનિલનું નામ પણ હતું, જેની EDએ આ કેસમાં આરોપી તરીકે ધરપકડ કરી ન હતી. EDએ કહ્યું હતું કે, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ નોંધાયેલા કેસમાં ખાન અને અન્ય સામે કાર્યવાહી કરવા માટે પૂરતા પુરાવા છે. અમાનતુલ્લા ખાનની PMLAની જોગવાઈઓ હેઠળ ૨ સપ્ટેમ્બરે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આ પહેલા દિલ્હીના ઓખલા સ્થિત તેના ઘરની તલાશી લેવામાં આવી હતી. તપાસ એજન્સીએ પૂછપરછ દરમિયાન AAP ધારાસભ્ય પર 'ભાગી' જવાનો આરોપ લગાવ્યો હતો. તેમની સામે મની લોન્ડરિંગની તપાસ બે FIR સાથે શરૂ કરવામાં આવી હતી. પ્રથમ, વકફ બોર્ડમાં કથિત અનિયમિતતા અંગે CBIનો કેસ અને બીજો, દિલ્હી પોલીસના ભ્રષ્ટાચાર વિરોધી એકમ દ્વારા નોંધાયેલ અપ્રમાણસર સંપત્તિનો કેસ.



રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે બાળ દિવસ નિમિત્તે વિવિધ શાળાઓ અને સંસ્થાઓના બાળકોને મળ્યા હતાં.

# સરકારે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ ઝુંબેશ શરૂ કરી

। નવી દિલ્હી, તા.૧૪ ।

પેન્શન એ આવકનો એકમાત્ર સ્રોત છે, જેના પર ઘણા લોકો નિવૃત્તિમાં આધાર રાખે છે. ઘણાનું જીવન આ માસિક પેન્શન પર આધાર રાખે છે. પરંતુ પેન્શન મેળવવા માટે દર વર્ષે જીવન પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત છે. વૃદ્ધ લોકો ખાસ કરીને શારીરિક સમસ્યાઓ ધરાવતા લોકો માટે જીવન પ્રમાણ પત્ર સબમિટ કરવું મુશ્કેલ હોય છે. હવે સરકાર આ સમસ્યાના ઉકેલ માટે આગળ આવી છે. કેન્દ્ર દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે, જે અંતર્ગત પ્રથમ દિવસે ૧.૮ લાખથી વધુ પેન્શનરોએ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવ્યા છે. પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગ દ્વારા દેશભરમાં ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અભિયાન દેશના ૮૦૦ શહેરોમાં ચાલી રહ્યું છે. આ અભિયાન ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી ચાલશે. સરકારના આ અભિયાનના પ્રથમ દિવસે ૧.૮૧ લાખ વરિષ્ઠ નાગરિકોએ ડિજિટલ જીવન પ્રમાણપત્ર મેળવ્યા છે. જીવન પ્રમાણપત્ર ૩૦ નવેમ્બર સુધીમાં જમા કરાવવાનું રહેશે. જેઓ બેંક અથવા અન્ય કોઈ કેન્દ્રની મુલાકાત લઈને જીવન પ્રમાણપત્ર સબમિટ કરી શકતા નથી તેઓ જીવન પ્રમાણપત્ર ઓનલાઈન મેળવી શકે છે. કેન્દ્રના જણાવ્યા અનુસાર, આ અભિયાનમાં ફેસ ઓથેન્ટિકેશન ટેક્નોલોજી પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા આ માટે ટેક્નિકલ સપોર્ટ આપશે.

આમાં વરિષ્ઠ નાગરિકો ઘરે બેઠા એન્ડ્રોઈડ અને iOS મોબાઈલ પર ફેસ ઓથેન્ટિકેશન દ્વારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સબમિટ કરી શકે છે. આ નવી પહેલ સાથે, સરકારે પેન્શનરો માટે એક નવો રસ્તો ખોલ્યો છે, જે તેમને ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કરવાની તક આપશે.

**સુનિતા વિલિયમ્સે પોતાની તબિયત અંગે કરી**

# મારા શરીરમાં થોડો ફેરફાર થયો છે, પરંતુ મારું વજન એટલું જ છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।



ભારતીય મૂળના અમેરિકન અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર વજન ઘટવાને લઈને આવી રહેલા રિપોર્ટ પર પ્રથમ વખત જવાબ આપ્યો છે. સુનીતા વિલિયમ્સના વજનને લઈને ત્યારે ચર્ચા શરૂ થઈ જ્યારે તેના નબળા રૂપની તસવીરો સામે આવી. આ તસવીરોમાં તે પહેલા કરતા ખૂબ નબળી અને દુબળી દેખાઈ રહી હતી, ત્યારબાદ ઝડપથી તેમનો વજન ઘટી રહ્યો હોવાની ચિંતા વધી ગઈ હતી. હવે નાસાના અવકાશયાત્રીએ પ્રથમ વાર આ સમાચારો અંગે પોતાનું મૌન તોડ્યું છે. વજન ઘટી જવાની ચિંતા વચ્ચે સુનિતા વિલિયમ્સનું નાસા સાથેનું એક ઈન્ટરવ્યુ આવ્યું છે, જેમાં તેમણે જણાવ્યું છે કે, 'મને લાગે છે કે મારા શરીરમાં થોડો ફેરફાર થયો છે, પરંતુ મારું વજન એટલું જ છે.' સુનિતા વિલિયમ્સ આ જ વર્ષે ૮ દિવસના મિશન પર અંતરિક્ષમાં ગઈ હતી, પરંતુ ૧૫૦ દિવસ વીતી ગયા છતાં તે પરત નથી ફરી શકી. સુનિતા વિલિયમ્સે કહ્યું કે, 'અહીં (સ્પેસ સ્ટેશન પર) ઘણા બધા ફેરફારો થતાં રહે છે. તે રસપ્રદ છે, મને લાગે છે કે, કેટલીક અફવાઓ છે કે મારું વજન ઘટી રહ્યું છે અને બીજુ બધું. પરંતુ હકીકતમાં મારું વજન જેટલું હતું એટલું જ છે. અમે અમારું વજન માપીએ છીએ, અમારી પાસે સ્પ્રિંગ માસ છે ...બુચ અને હું અમે અહીં પહોંચ્યા અને તે સમયે જેટલું વજન કર્યું હતું તેટલું જ વજન અમારું હાલમાં પણ છે.'

**બાબા સિદ્દીકીની હત્યા બાદ આ કેસમાં નવા ખુલાસા**

# ગોળી મારનારા શૂટરે મોતની પુષ્ટિ માટે હોસ્પિટલમાં ૩૦ મિનિટ જોઈ હતી રાહ

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

મુંબઈમાં એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ આ કેસમાં દરરોજ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. પોલીસ દ્વારા પકડવામાં આવેલા શૂટર્સની હાલ પૂછપરછ કરવામાં આવી રહી છે અને હત્યાનું રહસ્ય ઉકેલવાની કોશિશ થઈ રહી છે. મુખ્ય શૂટર શિવકુમાર ગૌતમે પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસા કર્યા હતો. હત્યા બાદ શૂટર લીલીવતી હોસ્પિટલમાં ગયો હતો અને બાબા સિદ્દીકીના મૃત્યુની પુષ્ટિ થઈ ત્યાં સુધી ૩૦ મિનિટ રોકાયો હતો.ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછ દરમિયાન આરોપી શૂટર શિવકુમાર ગૌતમે ખુલાસો કર્યો કે ૧૨ ઓક્ટોબરે બાબા સિદ્દીકીને ગોળી માર્યા બાદ તે મૃત્યુ પામ્યો છે કે નહીં તેની પુષ્ટિ કરવા લીલાવતી હોસ્પિટલમાં ગયો હતો. આ ભયાનક ઘટનાને અંજામ આપ્યા પછી, શૂટર લગભગ ૩૦ મિનિટ સુધી હોસ્પિટલમાં રહ્યો હતો. તે NCP નેતાની ગંભીર સ્થિતિ વિશે દરેક ક્ષણે અપડેટ ઈચ્છતો હતો. ત્યાં લગભગ ૩૦ મિનિટ રોકાયા બાદ જ્યારે તેમને ખબર પડી કે બાબા સિદ્દીકીની હાલત ખૂબ જ નાજુક છે જે બાદ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. પૂછપરછ દરમિયાન એવું પણ બહાર આવ્યું હતું કે શૂટર શિવકુમાર ગૌતમે પ્લાનિંગ મુજબ આ ઘટનાને અંજામ આપ્યો હતો. અન્ય આરોપીઓ ધરમરાજ કશ્યપ અને ગુરમેલ સિંહ ઉજ્જૈન રેલ્વે સ્ટેશન પર મળવાના હતા.

## તંત્રી લેખ...

# ટ્રુડો સરકાર લઘુમતિઓના અધિકારોનું હનન કરી રહી છે

કેનેડા અને ભારત વચ્ચે ખાલિસ્તાન તત્વોના હિન્દુ મંદિરો પર હુમલાઓ અને હિન્દુ સમુદાયની સુરક્ષાને લઈને સંબંધો સતત બગડી રહ્યા છે. આ દરમિયાન કેનેડામાંથી એક ચોંકાવનરો અહેવાલ સામે આવ્યા છે. કેનેડામાં હવે પોલીસ પણ હિન્દુ સમુદાય પર દબાણ કરી રહી છે. કેનેડામાં હિન્દુ સમુદાય પાસેથી સુરક્ષા આપવાના બદલામાં પોલીસ પૈસાની માગણી કરી રહી છે. જોકે, આ અહેવાલને લઈને સત્તાવાર રીતે કોઈ નિવેદન સામે આવ્યું છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાના મામલામાં ભારત-કેનેડાના સંબંધો તણાવપૂર્ણ થઈ ગયા છે. જ્યારે, ખાલિસ્તાની સમર્થકો કથિત રીતે ધમકી આપી રહ્યા છે. સૂત્રોના હવાલાથી જણાવવામાં આવ્યું છે કે, ‘‘પીલ પોલીસે કથિત રીતે હિન્દુ સમુદાયને સુરક્ષા આપવા માટે ૭૦ હજાર ડોલરની માંગ કરી છે, જેનાથી હિન્દુ સંગઠનો ખૂબ નારાજ છે.’’કેનેડામાં હિન્દુ સંગઠનોએ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સરકાર પર અધિકારોના હનનનો આરોપ લગાવ્યો છે. રિપોર્ટ અનુસાર, હિન્દુ સમુદાયનું કહેવું છે કે ‘‘અમે ટેક્સ આપી રહ્યા છીએ, તેમ છતાં આ પ્રકારનો ભેદભાવ કેમ. પીલ પોલીસ અમારા પ્રશ્નોને ઉકેલવાને બદલે કારણ વગર દબાણ કરી રહી છે.’’ સૂત્રોનું કહેવું છે કે ‘‘આવું લાંબા સમયથી ચાલી રહ્યું છે, કારણ કે વહીવટીતંત્ર પર ખાલિસ્તાની સંગઠનો દ્વારા હિન્દુ સમુદાયના કાર્યક્રમો રદ કરાવવા માટે દબાણ થઈ રહ્યું છે. વિશ્વમાં આ પહેલીવાર છે, જ્યારે સ્થાનિક પોલીસ લઘુમતીઓની સુરક્ષા માટે પૈસાની માંગ કરી રહી છે.’’ ખાલિસ્તાની આતંકવાદી ગુરુપતવંત સિંહ પન્નુએ અયોધ્યામાં રામમંદિર પર હુમલો કરવાની ધમકી આપી છે, ત્યાર પછી રામ જન્મભૂમિ પરિસરની સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે.

# પશુપાલન અને ડેરી વિભાગ (ડીએએચડી) દ્વારા પશ્ચિમી ક્ષેત્ર માટે પ્રાદેશિક સમીક્ષા બેઠક







પશુપાલન અને ડેરી વિભાગ (ડીએએચડી)નાં સચિવ શ્રીમતી અલકા ઉપાધ્યાયે ૧૩ નવેમ્બર, ૨૦૨૪નાં રોજ પશ્ચિમનાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની નવી દિલ્હીમાં પ્રાદેશિક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા અને બિહાર સહિત પશ્ચિમી રાજ્યોના પશુપાલન અને ડેરી વિભાગના અધિક મુખ્ય સચિવો, અગ્ર સચિવો, સચિવો, નિદેશકો અને યોજના અધિકારીઓને એકઠા કરવામાં આવ્યા હતા અને વિવિધ વિભાગીય કાર્યક્રમો અને યોજનાઓની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં વિભાગનાં મુખ્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમાં અધિક સચિવ સુશ્રી વર્ષા જોશી અને સલાહકાર (આંકડાશાસ્ત્ર) શ્રી જગત હઝારિકા સામેલ છે. બેઠક દરમિયાન, સચિવ ડીએએચડીએ રાષ્ટ્રીય ગોકુલ મિશન (આરજીએમ), રાષ્ટ્રીય પશુધન મિશન (એનએલએમ) હેઠળ ઉદ્યોગસાહસિકતા વિકાસ, રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ (એનએડીસીપી) અને ડેરી વિકાસ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ (એનપીડીડી) સહિત કેટલીક મહત્વપૂર્ણ યોજનાઓની ભૌતિક અને નાણાકીય પ્રગતિની સમીક્ષા કરી હતી.

ભારત સરકારના મુખ્ય એલએચડીસીપી (પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ), જે ફૂટ-એન્ડ-માઉથ ડિસીઝ (એફએમડી), બ્રુસેલોસિસ, પીપીઆર (પેસ્ટે ડેસ પેટિટ્સ રુમિનન્ટ્સ) અને ક્લાસિકલ સ્વાઇન ફિવર (સીએસએફ) જેવા મોટા રોગો સામે રસીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તેની સમીક્ષા કરી હતી, જેમાં પશુઓ, ભેંસ, ઘેટાં અને બકરીઓ માટે છ-માસિક રસીકરણની સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી. અન્ય વિષયોમાં પશુરોગ નિયંત્રણ માટે રાજ્યોને સહાય (એએસસીએડી), મોબાઈલ પશુચિકિત્સા એકમો (એમવીયુ)ની કામગીરી અને ‘‘પશુકલ્યાણ સમિતિઓ’’ની રચના જેવા ઘટકોનો સમાવેશ થાય છે. શ્રીમતી અલકા ઉપાધ્યાય, સચિવ શ્રીમતી અલકા ઉપાધ્યાય, સચિવ શ્રીમતી અલકા ઉપાધ્યાય, સચિવે રાજ્યોને રસીકરણને વેગ આપવા અને રોગના ફેલાવાને રોકવા માટે રિપોર્ટિંગ વધારવા વિનંતી કરી હતી. તેમણે સેરો-સર્વેલન્સની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે ફૂટ એન્ડ માઉથ ડિસીઝ (એફએમડી) ફ્રી-ઝોન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ડેરી ક્ષેત્રમાં વૃદ્ધિના મહત્વ પર પ્રકાશ પાડતા, તેમણે પ્રોસેસિંગ ક્ષમતા વધારવાની અને ડેરી ઉત્પાદનોમાં વિવિધતા લાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો.

ઘાસચારાના ઉત્પાદનના મુદ્દા પર ચર્ચા કરતા, તેમણે તમામ રાજ્યોને ઘાસચારાની ખેતીને વિસ્તૃત કરવાના પ્રયત્નો વધારવા વિનંતી કરી, વંચિત વન વિસ્તારો સહિત ઉપલબ્ધ જમીનને મહત્તમ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે પશુધન વીમા કવચનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો તથા તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને તમામ પશુધનને આવરી લેવા વિનંતી કરી હતી. સચિવે એએચડીએફ-કિસાન ક્રેડિટ કાર્ડ (એએચડીએફ-કેસીસી)ની ધીમી પ્રગતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી અને લક્ષ્યાંકો હાંસલ કરવા તાત્કાલિક પગલાં લેવા અપીલ કરી હતી. વધુમાં, તેમણે ડેરી ક્ષેત્રને મજબૂત કરવા માટે રાજ્યોમાં સહકારી નેટવર્કના વિસ્તરણના મહત્વ પર ભાર મૂક્યો હતો. પશુપાલન ક્ષેત્ર માટે ભવિષ્યની નીતિઓને આકાર આપવામાં ૨૧મી પશુધન વસ્તી ગણતરીના સફળ અમલીકરણની નિર્ણાયક ભૂમિકા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

## દિવાળી એટલે જીવન સંબંધોને સંવારવાનો અવસર અને દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર એવું ચિંતન કરી શકાય

# કાર્તિકી પૂર્ણિમાએ સ્વર્ગને બચાવવા ભગવાન શિવ એ ત્રિપુરાસુરનો વધ કર્યો



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ત્રિપુરાસુર એ સમગ્ર પૃથ્વી પર ત્રાસ ફેલાવવાનું શરુ કર્યું, અને અન્ય રાક્ષસો પણ તેની સાથે જોડાયા. તેમણે રાક્ષસોને કહ્યું કે દેવતાઓ પાસેથી સ્વર્ગ છીનવી લેવાનું છે, અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પણ લઈ લેવાની છે, જો કોઈ ન માને તો તેને મોતને ઘાટ ઉતારી દો.**

આજે કારતક સુદ પૂર્ણિમા જેને આપણે દેવ દિવાળી તરીકે ઓળખીએ છીએ. આપણે પુરાણો પરથી એવી કેટલીયે દંત કથાઓ સાંભળી હશે, વાંચી હશે, કે કોઈને મોઢે સાંભળી હશે, અને એમાં બંનેમાં જે ચડિયાતું પાત્ર હોય, એને દેવ કહેવાય અને વિકૃત કે હલકું પાત્ર હોય એને દાનવ કહેવાય. દિવાળી એટલે જીવન સંબંધોને સંવારવાનો અવસર અને દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર એવું ચિંતન કરી શકાય. કાળ ચક્રના પૈડાંનું એટલે કે જીવનની ગતિવિધિઓનું શાંત રીતે નિરીક્ષણ કરવામાં આવે તો એમાં ઉતાર ચઢાવના મોડ આવતાં જ રહેતાં હોય છે, અને આ કંઈ આજનાં સમયની વાત નથી. સતયુગથી શરૂ કરીને આજે એટલે કે કળિયુગ સુધી આવા ઉતાર ચઢાવનો દોર જોઈ શકાય છે, અને એવું પણ નથી કે દેવને શાંતિ હતી. દેવને પણ પોતાનું સામ્રાજ્ય બચાવવા માટે બહુ જ મહેનત કરવી પડતી હતી. કારણ કે શક્તિશાળી દાનવો (બુરાઈ) એ સમયે પણ દેવનાં (અચ્છાઈ) અસ્તિત્વને જોખમમાં મૂકી શકે તેમ હતા. જોકે દેવ દાનવ એ કદાચ પહેલાંનાં સમયની શ્રેણી હતી, એટલે આપણે એને દંતકથા રૂપે જોઈએ છીએ, પરંતુ આજે પણ સમાજમાં એ જ રીતે સજ્જન કે વૈષ્ણવો કે પછી સાધુ પુરુષ વ્યક્તિત્વ જોવા મળે છે, જેના જીવન વિશે જાણીએ તો આપણને દેવ કરતાં પણ વધુ આકરી આકરી પરિસ્થિતિ માંથી પસાર થયાનું જાણવા મળે છે. દેવ દિવાળી સાથે પણ આવી એક દેવ દાનવની દંતકથા જોડાયેલી છે એને વિશે વાત કરીશું.

પૌરાણિક કથા અનુસાર ત્રિપુરાસુર નામનો એક બહુ જ શક્તિશાળી રાક્ષસ હતો, તે ખુબ જ તપ કરતો હતો. તેની તપની વિધા જોઈને દેવો સમજી ગયા, કે આ કોઈ સામાન્ય તપ કરતો નથી, અને જે ત્રણે લોકનું અહિત કરવા તપ કરી રહ્યો છે, માટે તેમણે તેનું તપ ભંગ કરવા માટે



અપ્સરાઓને મોકલી, પરંતુ તે અપ્સરાઓ પણ તપ તોડી ન શકી. તે કામ, ક્રોધ, કે રૂપને વશ થયો નહીં. અને તેણે પોતાનું એ તપ ચાલુ રાખ્યું, અને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા, અને અમરતાનું વરદાન માંગ્યું. બ્રહ્માજીએ તેને કહ્યું કે શરીર છે માટે મૃત્યુ પણ અનિવાર્ય છે, તોય અન્ય વરદાન માંગી લે ત્યારે તેણે કોઈ દેવથી ન મરું, કોઈ રાક્ષસથી ન મરું! કોઈ સ્ત્રીથી ન મરુ! કે કોઈ રોગથી ન મરું! એવું વરદાન માંગ્યું, અને બ્રહ્માજી તથાસ્તુ કહીને ચાલ્યા ગયા. ત્રિપુરાસુર એ સમગ્ર પૃથ્વી પર ત્રાસ ફેલાવવાનું શરુ કર્યું, અને અન્ય રાક્ષસો પણ તેની સાથે જોડાયા. તેમણે રાક્ષસોને કહ્યું કે દેવતાઓ પાસેથી સ્વર્ગ છીનવી લેવાનું છે, અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પણ લઈ લેવાની છે, જો કોઈ ન માને તો તેને મોતને ઘાટ ઉતારી દો. દેવ દાનવનું ભયંકર યુદ્ધ થયું, અને દેવતાઓને સ્વર્ગ છોડવું પડયું. લગભગ દેવતાઓને એવું લાગ્યું કે, આપણે હવે હારી જઈશું, અને જો આ ત્રિપુરાસુર સ્વર્ગ પર કબજો કરી લેશે તો આપણે ક્યાં જઈશુ? આથી તેઓ બધા શંકરને શરણે જાય છે. ત્રિપુરાસુર ત્યાં પણ પહોંચી જાય છે, અને યુદ્ધ માટે લલકારે છે. બ્રહ્મા, નારદ, અને ઈન્દ્ર, ભગવાન શિવને પ્રાર્થના કરે છે, કે હવે તમે જ આનો કોઈ ઉપાય શોધો. ભગવાન શંકર ત્રિપુરાસુરને એક જ બાણ મારે છે, અને તેનું મૃત્યુ થાય છે, તેથી દેવો પોતાના વિજય માટે કે સ્વર્ગ બચી ગયું એમ કરીને હર્ષોલ્લાસથી નાચવા લાગે છે, અને આ દિવસે કારતકી પૂર્ણિમા હતો, એટલે એ દિવસથી આ તહેવાર ઉજવવામાં આવે છે. એને દેવ દિવાળી કે ત્રિપુરારી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે.

આપણી દિવાળીની જેમ જ પ્રબોધિની એકાદશી કે તુલસી વિવાહથી શરૂ કરીને કારતકી પૂર્ણિમા સુધી દેવ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. લગ્નનો પ્રસંગ પાંચ દિવસનો હોય એ રીતે પૂર્ણિમાને દિવસે તુલસી વિવાહની સમાપ્તિ થાય છે. પરંતુ પ્રબોધિની એકાદશીના દિવસે ચિંતનમાં આપણે જોયું કે જલંધર નામનાં એક અસુરના ત્રાસથી બચવા દેવોએ વિષ્ણુને વિનંતી કરી અને આમ એક શક્તિશાળી અસુરને યુદ્ધમાં છેતરપિંડી કરીને મોતને ઘાટ ઉતાર્યો, અને એની પતિવ્રતા પત્ની વૃંદાને કારણે સ્વયં ભગવાન વિષ્ણુ દંડિત થયાં, અને વૃંદા પોતાના પતિ જલંધરનું મસ્તક ખોળામાં રાખી સતી થઈ અને એ રાખમાં તુલસીનો છોડ ઉત્પન્ન થયો. જ્યારે કાર્તિકી પૂર્ણિમાએ બ્રહ્માજી પાસેથી લગભગ અમરતાની નજીકનું વરદાન પ્રાપ્ત કરવા છતાં ભગવાન શંકર એ એને પણ મરણને શરણ પહોંચાડ્યો, અને આ રીતે દેવોનાં સામ્રાજ્યને બચાવ્યું. આ બંને ઘટનામાંથી શું તારવી શકાય! દેવ એટલે ધર્મ અને દાનવ એટલે અધર્મ એમ જો ધારીએ તો અધર્મના નાશ માટે અને ધર્મની પુનઃ સ્થાપના માટે ઈશ્વરએ મદદ કરી હોઈ શકે! પણ સવાલ એ છે કે દેવના માનસમાં શું માત્ર ધર્મની વૃત્તિ જ હતી? કે પછી પોતાના ભોગ વિલાસ સલામત રહે એ ભાવનું પ્રાધાન્ય હતું! અને એ જ રીતે દાનવ તો જેવા વિકૃત દેખાતા હતા એવી જ વિકૃત માનસિકતા ધરાવતા હતાં. એટલે કે અન્યને હેરાન પરેશાન કરવામાં જ એમને આનંદ આવતો હતો, કે પછી બીજા પાસેથી પોતાની પસંદગીની વસ્તુઓ છીનવી લેવી, અને આસાનીથી ન માને તો હિંસા કરીને પણ એ મેળવી લેવું. એટલે આમ જોઈએ તો અહીં કોઈ પ્રપંચ નથી! પણ સુંદર અને આકર્ષક દેહમાં અંદર એવું ઘણું હતું, જે એમને અંદરોઅંદર પણ વિરોધ કરાવતા! જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાર્થ કેમ હોય એ પ્રશ્ન પણ ક્યારેક મુંજવણ કરાવે! પણ આ જ ઈશ્વરની માયા છે. પણ મોરલની રીતે જોઈએ તો ખરેખર દેવતા સ્વાર્થી કહેવાય! પોતાના જીવ પર આવે ત્યારે કંઈ પણ કરી શકાય એવી માનસિકતા ખરી! જ્યારે આજે દેવ પણ નહીં અને દાનવ પણ નહીં, અથવા બંને શ્રેણી જે પોતાનામાં સમાવીને બેઠો છે, અને એવો માનવ આજે પણ પોતાનું કામ કઢાવવા દેવ બની જાય છે, અને લાગે કે એ રીતે કામ નહીં થાય ત્યારે જબરદસ્તી કરે છે, એટલે કે દાનવ બની જાય છે. એટલે સીધી રીતે વિચારીએ તો પહેલા શત્રુ બહાર હતો, અને આજે અંદર જ છે! ક્યારે એ કયું સ્વરૂપ ધારણ કરી, પહેલાં ખુદને અને પછી અન્યને છેતરશે એ કહી શકાય નહીં? મારી રીતે તો દેવ દાન કરતાં માનવ શ્રેષ્ઠ છે, અને માનવ બની માનવતાનો સૌથી શ્રેષ્ઠ ધર્મ નિભાવી શકીએ, અને સમગ્ર વિશ્વને વસુધૈવ કુટુંબકમની ભાવનાથી અપનાવી આ પૃથ્વીને સ્વર્ગ બનાવી શકીએ, કુદરત કે પ્રકૃતિ જેવા નિર્મળ અને સુંદર છે, એવી જ રીતે એનું જતન કરીને, સર્વ જીવ સૃષ્ટિની સલામતી માટે વિચારીએ.સૌને દિવાળી કે દેવ દિવાળી જેમ સ્નેહથી સત્કારી શકીએ, અને સૌમાં એજ પરમ કૃપાળુ પરમાત્મા કે જેણે વરદાન આપતી વખતે એ દેવ છે કે દાનવ એવો ભેદ ક્યારેય નથી કર્યો, એના દર્શન કરીએ તો ચોક્કસ સમાજમાં શાંતિ સ્થપાય.

## ત્રિપુરાસુર એક પુરથી પાતાળમાં, એક પુરથી સ્વર્ગમાં અને એક પુરથી પૃથ્વી પર ઇરછાનુસાર વિચરતો અને વિનાશ સર્જતો

# આજે કારતક સુદ પૂનમ દેવ દિવાળી અને ગુરૂ નાનકજીની ૫૫૩મી જન્મ જયંતીએ કંઈક બોધપાઠ મેળવીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**હિંદુ ધર્મની માન્યતા પ્રમાણે કાળી ચૌદશના દિવસે શ્રીકૃષ્ણે નરકાસુર નામના રાક્ષસનો વધ કરી પ્રજાને તેના ત્રાસમાંથી છોડાવેલી તેની સ્મૃ તિ માં દીપમાળા ઓ પ્રગટાવીને દિવાળીનો તહેવાર ઉજવાય છે. ભગવાન મહાવીર દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા હતા, તેથી જૈનધર્મીઓ માટે પણ દિવાળીનો તહેવાર ખૂબજ આધ્યાત્મિક મહત્વ ધરાવે છે.**

સૌને જય માતાજી,આજે કારતક સુદ પૂનમ શુક્રવાર એટલે દેવ- દિવાળી અને શીખ ધર્મનાસ્થાપક અને પહેલા એક આધ્યાત્મિકગુરુ કવિ અને સમાજ સુધારક ગુરુ નાનક દેવની ૫૫૩મી જન્મજયંતી છે. તો આજે *દેવ દિવાળીના પર્વ અને ગુરૂ નાનકજી વિશે જોઇએ તો.તહેવારોનો રાજા છે. હિંદુ ધર્મની માન્યતા પ્રમાણે કાળી ચૌદશના દિવસે શ્રીકૃષ્ણે નરકાસુર નામના રાક્ષસનો વધ કરી પ્રજાને તેના ત્રાસમાંથી છોડાવેલી તેની સ્મૃતિ માં દીપમાળા ઓ પ્રગટાવીને દિવાળીનો તહેવાર ઉજવાય છે. ભગવાન મહાવીર દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા હતા, તેથી જૈનધર્મીઓ માટે પણ દિવાળીનો તહેવાર ખૂબજ આધ્યાત્મિક મહત્વ ધરાવે છે.ભારતભરના તમામ ધર્મોના લોકો આ તહેવાર ભારે ઉત્સાહથી અને ઉલ્લાસથી ઉજવે છે. કારતક સુદ પૂનમના રોજ ઉજવવામાં આવતી ‘દેવ દિવાળી’ના સંદર્ભમાં એક પૌરાણિક કથા પણ સંકળાયેલી અને પ્રચલિત છે.દેવ-દિવાળીની પૌરાણિક કથા - ત્રિપુર નામનોમહા દૈત્ય પ્રયાગક્ષેત્રમાં તપ કરતો હતો તેણે ઉગ્ર તપશ્ચર્યા કરી. એના તપ ના તેજ અને પ્રભાવથી ત્રિભુવન પણ બળવા માંડયા એને સંમોહિત કરવા દેવોએ અનેક અપ્સરાઓ મોકલી અને વિવિધ ઉપાયો કર્યા, પરંતુ તપસ્વી દૈત્ય ચલિત થયો નહીં અને કામ,ક્રોધ કે લોભને પણ વશ થયો નહીં, અને તેણે બ્રહ્માજી ને પ્રસન્ન કરી અમરત્વ માગ્યું. ત્યારે બ્રહ્માજી બોલ્યા,‘હે વત્સ! મારું પણ મરણ થાય છે તો પછી અન્ય ની તો શી વાત કરવી? શરીરધારી ઓ માટે મરણ અનિવાર્ય છે એટલે મારી પાસેથી અન્ય વરદાન માગી લે. ’ત્રિપુર બોલ્યોઃ ‘હે પિતા મહ! દેવ થી, મનુષ્યથી,રાક્ષસથી,સ્ત્રીઓ થી કે રોગથી મારું મૃત્યુ થાય નહીં એવું મને શ્રેષ્ઠ વરદાન આપો’તથા સ્તુ’ કહીને બ્રહ્મદેવ સત્ય લોકમાં ગયા. ત્રિપુરાસુરને વરદાન પ્રાપ્ત થયું છેએ સમાચાર સાંભળી અનેક દૈત્યો એની પાસે આવ્યા. ત્રિપુરાસુરે દૈત્યોને આદેશ આપ્યો કે,‘આપણા વિરોધી દેવોને હણી નાખો.એમ ન થાય તો એમની પાસેની સર્વોત્તમ વસ્તુઓ છીનવી લો અને મને સમર્પિત કરો’ દૈત્યરાજ ત્રિપુરની આજ્ઞા થતાં, સર્વ દૈત્યોએ સર્વ દેવોને, સર્પોને



અને યક્ષોને બંદી વાન બનાવી ચોતરફ હાહાકાર મચાવી દીધો. વિશેષમાં ત્રિપુરનાં વચનોને અનુસ રતા વિશ્વકર્માએ ત્રિપુરની રચના કરી. જે તેજ ગતિથી ઉડનારાં ધાતુનાં વિમાન જેવાં ત્રણ પુર હતાં. ત્રિપુરાસુર એક પુરથી પાતાળમાં, એક પુરથી સ્વર્ગમાં અને એક પુરથી પૃથ્વી પર ઈરછાનુસાર વિચરતો અને વિનાશ સર્જતો. દેવો ત્રસ્ત અને લાચાર બન્યા. આગળની કથા અનુસાર ઈન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ તેમજ નારદમુનિનું મિલન થયું સૌ એ શિવજીને મળી ત્રિપુરાસુરના સંહાર માટે તેમનું શરણ સ્વીકાર્યું. દેવર્ષિ નારદજીની માયા થી પ્રેરિત ત્રિપુરાસુરે કૈલાસ પર આક્રમણ કર્યુ.ત્રણ દિવસ સુધી સર્વ એક ત્રિત દેવો સાથે ત્રિપુરા સુરે મહાયુદ્ધ કર્યુ અને કાર્તિક માસની શુકલ પક્ષની પૂર્ણિમાને દિવસે ભગવાન શિવજીએ એક જ બાણથી ત્રિપુરાસુરને મારી નાખ્યો એટલે સર્વ દેવો પ્રસન્ન થયા હર્ષોલ્લાસ થી તેઓએ સદાશિવને પ્રસન્ન કરવા દીપ સમર્પિત કર્યા અને દિવાળી જેવો ઉત્સવ પણ ઉજવ્યો. આથી આ દિવસને ‘દેવ દિવાળી’ તરીકે ઓળખવામાં આવે છે.

કારતક પૂર્ણિમા,‘દેવદિવાળી’ના દિવસે જે કોઇ વ્યકિત પરમાત્મા નું સ્મરણ કરી સાતસોવીસ દીવા કરે એ સર્વ પાપોમાંથી મુકત થાય છે. આ દીપ પ્રાગટય અને તેનાં દર્શન થકી તેને સુખ-શાંતિ,સમૃદ્ધિ અને અભ્યુદય તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવું પૌરાણિક ગ્રંથમાં કહેવાયું છે. ‘દેવદિવાળી’ની સમાપ્તિ સાથે જ દીપાવલીનો મહોત્સવ પૂર્ણ વિરામ પામે છે અને તે સાથે જ શરૂ થાય છે.‘શુભ લગ્નોની સિઝન’ એટલે કે લગ્નોત્સવ લગ્નોત્સુક યુવક-યુવતીઓના પરિવારોમાં શુભ મુહૂર્ત- દિને તોરણો બંધાય છે, મંગળ ગીતો ગવાય છે, ઢોલ ઢબૂકે છે અને વરકન્યા પ્રભુતામાં પદાર્પણ કરે છે.લગ્ન મુહૂર્તોનો વિચાર કરીએ તો તેમાં દરેક વાર લઇ શકાય છે. તિથિઓમાં શુકલ પક્ષની એકમ, કૃષ્ણપક્ષની તેરસ,ચૌદસ,અમાસ અને ક્ષય તેમજ વૃદ્ધિતિથિનો ત્યાગ કરી બાકીની લઈ શકાય છે. અશ્વિની,રોહિણી, મૃગશીર્ષ, મઘા, ઉ.ફા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા મૂળ,ઉ.ષા. શ્રવણ, ધનિષ્ઠા ઉ.ભા. અને રેવતીએ પંદર નક્ષત્રો લગ્ન માટે સામાન્ય રીતે લેવામાં આવે છે. વિશેષમાં, જે નક્ષત્રોમાં શનિ, રાહુ અથવા કેતુ હોય એ નક્ષત્રો તેમજ જે નક્ષત્રોના છ માસ દરમિયાન ગ્રહણ થયેલું હોય તે પણ ત્યાજય ગણાય છે.

દિવાળીએ સ્વરછતા, પ્રકાશ, આનંદ અને ઉત્સાહનું મહાપર્વ છે, અને તેના અંતિમ ચરણમાં ‘દેવ દિવાળી’એ જાણે આ મહા પર્વના સમાપન રૂપે ઉજવાય છે!

કારતક સુદ પૂનમ દેવ દિવાળી અને ગુરૂ નાનકજીની ૫૫૩મી જન્મ જયંતી ૧૫/૧૧/૨૦૨૪ને શુક્રવારે છે. ગુરુ નાનક દેવ શીખ ધર્મના સ્થાપક અને પહેલા ગુરુ હતા. તેઓ એક આધ્યાત્મિક ગુરુ કવિ અને સમાજ સુધારક હતા.આજે પંદરમી નવેમ્બર શુક્રવારે તેમની ૫૫૩મી જયંતી છે.ગુરુ નાનક સમાજમાંથી જ્ઞાતિ વાદને દૂર કરીને દરેક મનુષ્ય એક સમાન હોવાના વિચારને પ્રાધાન્ય આપ્યું હતું. તેમણે એક ઈશ્વરની ઉપાસના ને મહત્ત્વ આપ્યું.તેમણે પોતાનો સંદેશ ગુરુબાની તરીકે નોંધીને પોતાના શ્રદ્ધાળુઓ સુધી પહોંચાડ યો હોવાનું મનાય છે. શીખ ધર્મમાં ઈશ્વર માત્ર એક જ છે એવું માનવામાં આવે છે અને તેમાં શીખ ધર્મના દશેય ગુરૂઓની જન્મ જયંતિને હર્ષોલ્લાસભેર ઉજવવા માં આવે છે. તેમાં પણ શીખ ધર્મ ના પહેલા ગુરૂ એવા ગુરુ નાનક સાહેબની જયંતિનું વિશેષ મહત્વ છે. ગુરૂઓનો જન્મ દિવસ ગુરૂ પૂરબ તરીકે પણ ઓળખાય છે.

શીખ ધર્મના સંસ્થાપક ગુરૂ નાનક દેવનો જન્મ વીસમી ઓક્ટોબર ૧૪૬૯ના રોજ કારતક સુદ પૂનમે લગભગ એક વાગીને ચાલીસ મિનીટે પાકિસ્તાનના શેખપુરા જીલ્લાના રાય ભોઈ દી તલવંડી ખાતે થવો હતો.તેમના જન્મ દિવસના ઉપલક્ષ્યમાં દર વર્ષે કાર્તક સુદ પૂનમના દિવસે ગુરૂ નાનક જયંતિ મનાવવામાં આવે છે.તેમનો જન્મ રાત્રિના સમયે થયો હોઈ ગુરૂ નાનક જયંતિની રાત્રે જાગરણ કરવામાં આવે છે. ધાર્મિક દ્રષ્ટીએ આ તહેવારને શીખોનો સૌથી મહત્વનો તહેવાર માનવામાં આવે છે. શ્રદ્ધાળુઓ રાત્રે કિર્તન અને સત્સંગ કરે છે. ગુરૂ મહારાજના પ્રકાશ (જન્મ) સમયે ફૂલોનો વરસાદ કરે છે તેમજ ફટાકડા ફોડે છે અને સામૂહિક પ્રાર્થના કરે છે. પ્રભાતકાળમાં શ્રદ્ધાળુઓ સ્નાનાદિ કરીને પાંચ વાણીનો ‘નીત નેમ‘ એટલે કે દૈનીક પ્રાર્થના કરીને ગુરૂદારા સાહેબમાં ગુરૂ નાનકદેવજીને વંદન કરે છે.

આ દિવસે પોતાની મહેનતની કમાણીનો દસમો ભાગ ગરીબો અને ધાર્મિક કાર્યોમાં અર્પણ કરવાનો તેમજ લંગરમાં જઈને સેવા કરવાનો ખાસો મહિમા છે.

ગુરૂ નાનકદેવજીએ નિષ્ઠાવાન શીખ લોકોને ત્રણ નિયમોનું પાલન કરવાનું કહ્યું છે.એ ત્રણ નિયમો છે ઈશ્વરની આરાધના, મહેનતની કમાણી અને ગરીબોને દાન. ગુરૂ નાનક જયંતિના બે દિવસ પહેલા ગુરૂદ્વારાઓમાં ગુરૂ ગ્રંથ સાહેબનો અખંડ પાઠ કરવામાં આવે છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે દેવદિવાળી અને ગુરૂ નાનકજી જયંતીએ શુભેરછા સહ ગુરૂ નાનકજીને લાખ લાખ વંદન.. સહ સૌને દેવ દિવાળીના સાલ મુબારક નૂતનવર્ષાભિનંદન..નવું વર્ષ સર્વદા શ્રેષ્ઠ મંગળકારી ગૌરવવંતુ નિવડે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

# કલ્કિ અને રાઝીનું કોમ્બિનેશન આલિયાની નારી કેન્દ્રિત ફિલ્મ

## કલ્કિના ડાયરેક્ટર નાગ અશ્વિન અને આલિયા ભટ્ટ પાન ઈન્ડિયા પ્રોજેક્ટ માટે હાથ મિલાવી શકે

પ્રભાસ અને અમિતાભ બચ્ચનની બ્લોકબસ્ટર ફિલ્મ કલ્કિ ૨૮૯૮ એડીના ડાયરેક્ટર નાગ અશ્વિને નારી કેન્દ્રિત ફિલ્મ બનાવવાનું વિચાર્યુ છે. તેમાં લીડ રોલ માટે આલિયા ભટ્ટ ફાઈનલ થાય તેવી શક્યતા છે. 'રાઝી' અને 'ગંગુબાઈ કાઠિયાવાડી' જેવી નારી કેન્દ્રિત ફિલ્મોમાં પોતાની ટેલેન્ટ પુરવાર કરી ચૂકેલી આલિયા ભટ્ટ પણ નાગ અશ્વિન સાથે કામ કરવા ઉત્સુક હોવાનું કહેવાય છે. એક્ટર અને ડાયરેક્ટર વચ્ચે આ અંગે વાટાઘાટો ચાલી રહી છે. નાગ અશ્વિનની નારી કેન્દ્રિત ફિલ્મ અંગે ખાસ વિગતો બહાર આવી નથી, પરંતુ તેમાં લીડ રોલ માટે આલિયા પરફેક્ટ ચોઈસ હોવાનું અનુમાન છે. રિપોર્ટ મુજબ, નાગ અશ્વિન પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવા માગે છે અને તેના માટે બજેટ પણ મોટું રખાયું છે. મહાભારતની કથામાંથી પ્રેરણા લઈને નાગ અશ્વિને બિગ બજેટ કલ્કિ બનાવતાં પહેલાં નારી કેન્દ્રિત ફિલ્મ મહંતી રિલીઝ કરી હતી. આ ફિલ્મમાં કિર્તિ સુરેશની દમદાર એક્ટિંગના વખાણ થયા હતા. 'મહંતી'ની પાન ઈન્ડિયા રિલીઝ શક્ય બની ન હતી, પરંતુ હવે નાગ અશ્વિનને મોટા ફલક પર જ ફિલ્મો બનાવવી અને રિલીઝ કરવી છે. તેના માટે આલિયાનું સ્ટારડમ તેમને જરૂરી લાગ્યું છે. આલિયાને બોલિવૂડમાં લોકપ્રિયતા મળેલી છે, જ્યારે RRRના કારણે સાઉથનું ઓડિયન્સ પણ આલિયાને ઓળખતું થયું છે. તાજેતરમાં રિલીઝ થયેલી આલિયાની 'જિગરા' બોક્સઓફિસ પર ઊંધા માથે પછડાઈ છે, પરંતુ આલિયાની એક્ટિંગના વખાણ થયા છે. ફિલ્મની નિષ્ફળતા માટે કોઈ રીતે આલિયાને જવાબદાર મનાતી નથી. નાગ અશ્વિનનો સમય અત્યારે સારો ચાલે છે અને તેઓ જે ફિલ્મ હાથમાં લે છે, તે હિટ બને છે. નાગ અશ્વિન પોતાની ફિલ્મના પાત્રોને ભવ્ય અને જાજરમાન બનાવવા માટે જાણીતા છે. આલિયાની ટેલેન્ટને જોતાં તે દરેક પ્રકારના રોલમાં ફિટ બેસી શકે છે. આલિયા અને નાગ અશ્વિન ભેગા હોય તો રિલીઝ ટાણે બોલિવૂડ અથવા સાઉથમાંથી મોટી સ્પર્ધા થવાની આશંકા હળવી બને છે. એકંદરે કલ્કિ અને રાઝીનું આ કોમ્બિનેશન બંને માટે લાભદાયી છે. આ ફિલ્મને સાઉથના પ્રોડક્શન હાઉસ વૈજયંતિ ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવશે. આલિયાએ સાઉથની છેલ્લી ફિલ્મ RRR કરી હતી. વર્ષો પછી સાઉથના ડાયરેક્ટર અને પ્રોડ્યુસર સાથે આલિયા નવો પ્રોજેક્ટ શરૂ કરે તેવી શક્યતા છે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ હજુ ફાઈનલ થઈ નથી. વળી, આલિયા અત્યારે 'લવ એન્ડ વોર' તથા 'આલ્ફા'માં રોકાયેલી છે. નાગ અશ્વિન પણ ૬-૮ મહિના સુધી નવો પ્રોજેક્ટ શરૂ કરી શકે તેમ નથી. એકંદરે ૨૦૨૫માં જુલાઈ મહિના આસપાસ નાગ અશ્વિન અને આલિયાની ફિલ્મ ફ્લોર પર પહોંચે તેવી શક્યતા છે.



# 'પઠાન' ફિલ્મમાં સલમાન-શાહરુખના સીનને લઈને આમિરે લીધી મજા



બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાને લાંબા સમય બાદ ફિલ્મ 'પઠાન'થી કમબેક કર્યું હતું. સિદ્ધાર્થ આનંદ દ્વારા નિર્દેશિત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જબરજસ્ત હિટ રહી હતી. લાંબા સમય બાદ શાહરૂખ ખાનને મોટા પડદા પર જોઈને ફેન્સ પણ ખૂબ જ ખુશ હતા. તેમજ આ ફિલ્મમાં સલમાન ખાને પણ શાનદાર કેમિયો કર્યો હતો. જેના કારણે બંને એક્ટર્સને લાંબા સમય બાદ મોટા પડદા પર સાથે જોઈને બંનેના ફેન્સ ખૂબ જ ઉત્સાહિત હતા. પઠાન આ સીનમાં શાહરૂખ અને સલમાન આ આઈકોનિક એક્શન સીનમાં વિલન સામે લડે છે, ત્યારપછી આ બંને એક્ટર્સ તેમના પછી ભારતીય સિનેમાની બાગડોર કોણ સંભાળશે તેના પર મનોરંજક ચર્ચામાં કરતા જોવા મળે છે. જેની આમિરખાને ચર્ચા કરી. એક પોડકાસ્ટમાં આમિર ખાને શાહરૂખ અને સલમાનના પઠાન ફિલ્મના સીન પર પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, 'આ સીન જોવામાં ખરેખર મજેદાર લાગતો હતો. મેં ફિલ્મ નથી જોઈ પરંતુ સોશિયલ મીડિયા પર આ સીનની ક્લિપ જોઈ છે. મેં આ દ્રશ્ય જોયું અને તે રમુજી લાગ્યું.' પઠાનના એ વિશે જ્યારે હોસ્ટે આમિર ખાન સાથે વધુ વાત કરી ત્યારે અભિનેતા ખુશ થઈ ગયો અને મજાકમાં કહ્યું, 'આ સીન જોયા પછી નવા યુવા કલાકારો થોડા નિરાશ થયા હશે. એવામાં, તમે સલમાન અને શાહરૂખથી પણ નિરાશ ન થઈ શકો, તો શું કરી શકીએ.!'જો આમિર ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આમિર વર્ષ ૨૦૨૨માં આવેલી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'માં જોવા મળ્યો હતો. તેમાં કરીના કપૂર, મોના સિંહ અને નાગા ચૈતન્ય પણ મુખ્ય ભૂમિકામાં છે. હાલમાં અભિનેતા ફિલ્મ 'સિતારે જમીન પર'માં કામ કરી રહ્યો છે. એવી ચર્ચા છે કે તેણે લોકેશ કનાગરાજની ફિલ્મમાં પણ કામ કરવાનું નક્કી કર્યું છે. જો કે આ સમાચારની હજુ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.



# અભિનેત્રી રશ્મિકા મંદાનાની ૧૦ મહિનામાં ૬ ફિલ્મો રિલીઝ થશે

## રશ્મિકા મંદાના એક એવી એક્ટ્રેસ છે, જેની ડેબ્યુ ફિલ્મથી જ તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે

રશ્મિકા મંદાના એક એવી એક્ટ્રેસ છે, જેની ડેબ્યુ ફિલ્મથી જ તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે અને તેની પાસે ઈન્ડસ્ટ્રીને અપેક્ષાઓ પણ ઘણી છે. આ અપેક્ષાઓ પર ખરી ઉતરીને રશ્મિકા ટૂંક સમયમાં જ એક સ્ટાર તરીકે જાણીતી થઈ ગઈ છે. તે ટૂંકા સમયમાં અમિતાભ બચ્ચન જેવા દિગ્ગજ સાથે કામ કરી ચૂકી છે. છેલ્લે તે રણબીર કપુર સાથે એનિમલમાં જોવા મળી હતી. છેલ્લાં ઘણાં સમયથી રશ્મિકા બૅક ટુ બૅક ફિલ્મ શૂટ કરી રહી છે. દરેકમાં તે વૈવિધ્યપૂર્ણ રોલ કરી રહી છે. આ ફિલ્મ્સના શૂટ બાદ હવે રશ્મિકાની છ ફિલ્મ એક પછી એક રિલીઝ થવા જઈ રહી છે. આ બધી ફિલ્મ ૧૦ મહિનાના સમયગાળામાં જ રિલીઝ થશે. આ રિલીઝની શરૂઆત 'પુષ્પા ૨'થી થશે, જેમાં ફરી એક વખત રશ્મિકા શ્રીવલ્લીના રોલમાં જોવા મળશે. આ વખતનો રોલ પહેલી ફિલ્મ કરતાં વધુ મહત્વનો હશે. એવું માનવામાં આવે છે કે ફિલ્મના ડિરેક્ટર સુકુમારે આ વખતે શ્રીવલ્લીના પાત્રને વધુ મોટું કર્યુ છે. ત્યાર બાદ તેની મરાઠા યોદ્ધા છત્રપતિ સંભાજી પરની ફિલ્મ 'છાવા' રિલીઝ થશે, જેમાં રશ્મિકા વિકી કૌશલ સાથે યેસુબાઈ ભોંસલેના રોલમાં જોવા મળશે. આ ઉપરાંત રશ્મિકા ડિરેક્ટર રાહુલ રવિન્દ્રનની ફિલ્મ 'ધ ગર્લ ફ્રેન્ડ'માં મુખ્ય રોલમાં જોવા મળશે. જે ઉનાળામાં રિલીઝ થવાની શક્યતા છે. રશ્મિકા સલમાન ખાનની 'સિકંદર'માં પણ લીડ રોલમાં જોવા મળશે. એ.આર.મુરગાદોસની આ ફિલ્મમાં તે સલમાન ખાન સાથે પહેલી વખત જોવા મળશે. સાથે તે નાગાર્જુન અને ધનુષ સાથે ડિરેક્ટર શેખર કમ્મુલાની ફિલ્મ 'કુબેરા' પણ કરી રહી છે. તે મેડોક પ્રોડક્શન્સની એક હોરર ડ્રામા ફિલ્મમાં પણ કામ કરી રહી છે. આમ આવા વૈવિધ્યપૂર્ણ રોલમાં રશ્મિકા આવનારા દસ મહિનામાં જોવા મળશે. જે પ્રકારની ફિલ્મો રશ્મિકા કરી રહી છે, તેના પરથી ખ્યાલ આવે છે કે આવનારા દિવસોમાં રશ્મિકા મોટા પડદા પર છવાયેલી રહેશે.

# 'સિંઘ ઇઝ કિંગ'માં અક્ષય કુમારનું સ્થાન રણવીર સિંહ લેશે?

## શૈલેન્દ્ર સિંઘે કહ્યું, મેં અક્ષય કુમારને આ ટાઇટલ ગિફ્ટ કર્યુ હતું, કારણ કે તેઓ આ ફિલ્મનો બીજો ભાગ બનાવવા માગતા હતા

અક્ષય કુમારની 'સિંઘ ઈઝ કિંગ' લોકપ્રિય તો ઘણી થઈ હતી, પરંતુ ખાસ ચાલી નહોતી. આ ફિલ્મના પ્રોડ્યુસર શૈલેન્દ્ર સિંઘે જ અક્ષયને સિંઘ ઈઝ કિંગનું ટાઈટલ ગિફ્ટ તરીકે પણ આપ્યું હતું. હવે આ ફિલ્મના કૉ-પ્રોડ્યુસર વિપુલ શાહ ફરી વખત આ ફિલ્મની સિક્વલ બનાવવાનું આયોજન કરી રહ્યા હોવાનું મીડિયા અહેવાલોમાં બહાર આવ્યું છે. તેમણે આ ફિલ્મ માટેનું કામ શરૂ કરી દીધું છે અને એક રોમેન્ટિક કોમેડી સ્ક્રિપ્ટને આ ફિલ્મની ફ્રન્ચાઈઝી તરીકે રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે.



આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે. પરંતુ ફિલ્મ અંગે એક નિઃરાશાજનક ખબર એ છે કે પ્રોડ્યુસર નથી ઈચ્છતા કે તેઓ બીજા ભાગમાં અક્ષય કુમારને લેવા ઈચ્છતા નથી. આ અહેવાલો મુજબ શૈલેન્દ્રસિંઘે કન્ફર્મ કર્યુ છે કે તેમને આ ટાઈટલ પાછું મેળવતાં ૧૨ વર્ષ થયા છે. હવે આખરે તેમને ટાઈટલ મળી ગયું છે તો તેઓ આ ફિલ્મને પાછી લાવવામાં કોઈ વિલંબ કરવા માગતા નથી.તેમણે જણાવ્યું કે આવતા વર્ષ સુધીમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ જશે. શૈલેન્દ્ર સિંઘે કહ્યું,"મેં અક્ષય કુમારને આ ટાઈટલ ગિફ્ટ કર્યુ હતું, કારણ કે તેઓ આ ફિલ્મનો બીજો ભાગ બનાવવા માગતા હતા પરંતુ મારે સિક્વલ બનાવવી હતી, તેથી મેં તેમને આ ટાઈટલ પાછું આપવા કહ્યું. વિપુલ અને અક્ષયની ફરતે ૧૨ વર્ષ સુધી ફર્યા પછી અંતે મને ટાઈટલ પાછું મળ્યું છે. મેં સિક્વલ માટેની પ્રક્રિયા શરૂ કરી દિધી છે. ઓક્ટોબર ૨૦૨૫થી હું પ્રોડક્શન શરૂ કરી દઈશ જેથી હું ૨૦૨૬માં ફિલ્મ રિલીઝ કરી શકું."આ અહેવાલો અનુસાર પ્રોડ્યુસરની એવી ઈચ્છા હતી કે તેઓ આ ફિલ્મમાં હેપ્પી સિંઘ – હિરોને કોહીનૂર ભારતમાં પાછો લાવવાના મિશન પર મોકલવા માગતા હતા, પરંતુ આ સ્ટોરીમાં બહુ મજા આવી નહીં. હવે તો તેમણે હિરો જ બદલી નાખવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું,"હાલ સિક્વલ્સ અને રિમેક્સનો જમાનો છે, તેથી મારે બીજો ભાગ બનાવવો છે. એનું નામ શું હશે તે હજુ નક્કી થયું નથી. જોકે હવે ફિલ્મના હિરોનું નામ હેપ્પી સિંઘ નહીં હોય. અમે એક નવું પાત્ર લખી રહ્યા છીએ. તેના માટે મારી પહેલી પસંદગી રણવીર સિંહ છે.

અમે તેમના મેનેજરનો સંપર્ક કર્યો છે. આ ઉપરાંત રણવીરે ક્યારેય સરદારનો રોલ કર્યો નથી અને તેનું વ્યક્તિત્વ પણ આ રોલ માટે યોગ્ય છે."

જોકે, રણવીરને ૨૦૧૭માં પણ આ ફિલ્મની ઓફર થઈ હતી, પરંતુ ત્યારે પણ બધું સરખું ગોઠવાયું નહીં. રણવીર પહેલી પસંદ છે, પરંતુ જો એ નહીં માને તો તેમની બીજી પસંદ દિલજિત દોસાંજ હશે.

# મુકેશ ખન્નાએ દેશી સુપર હીરો 'શક્તિમાન'ની જાહેરાત કરી

૯૦ના દસકામાં મોટાં થયેલાં બાળકોનો કોઈ અસલી સુપર હીરો હોય તો એ શક્તિમાન છે, એક એવો સુપર હિરો જે ગોળ ફરતાં ઉડીને મુશ્કેલીમાં મુકાયેલા લોકોને બચાવે છે અને ગુનેગારોને પણ પકડે છે. ૯૦ના દાયકાના બાળકો માટે



કોઈ પણ સ્પાઈડરમેન, સુપરમેન કે આયર્નમેન કરતાં શક્તિમાન વધુ જાણીતો સુપર હિરો હતો. હવે આજની પેઢીના બાળકોને પણ આ સુપરહિરોનો પરિચય થાય તે હેતુથી મુકેશ ખન્ના ઘણા લાંબા સમયથી એક ફિલ્મ બનાવવાનું આયોજન કરતા રહ્યા છે. અંતે હવે શનિવારે મુકેશ ખન્નાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર ટીઝર શેર કરીને ખાતરી આપી છે કે અંતે આ ઓરિજીનલ સુપર હિરો મોટા પડદે આવવા તૈયાર છે. મુકેશ ખન્નાએ શક્તિમાનનો એક નાનો વીડિયો શેર કરીને કૅપ્શનમાં લખ્યું હતું, "તેના પાછા આવવાનો સમય થઈ ગયો છે". આ પોસ્ટ શેર થતાં જ અનેક લોકોએ તેના પર કમેન્ટ કરીને પોતાની ઉત્સુકતા દર્શાવી હતી. આ વીડિયોની કૅપ્શનમાં મુકેશ ખન્નાએ લખ્યું,"આપણો પહેલો ભારતીય સુપર ટીચર-સુપર હિરો. હા! આજે જ્યારે અંધકાર અને દુષ્ટ શક્તિઓ આજના બાળકો પર હાવી થઈ રહી છે..ત્યારે એના પાછા ફરવાનો સમય થઈ ગયો છે. તે એક સંદેશ સાથે પાછો ફરે છે. તે શીખવવા માટે પાછો વે છે. આજની પેઢી તેનું બંને હાથ ખોલીને સ્વાગત કરી રહી છે. હાલ તેનું ટીઝર ભીશ્મ ઈન્ટરનેશનલની યૂટ્યુબ ચૅનલ પર માણો."આ નાના વીડિયોમાં શક્તિમાન ગોળ ફરતો ઊડીને એક સ્કૂલમાં ઊતરે છે, જ્યાં તે ચંદ્રશેખર આઝાદ, ભગત સિંહ, સુભાષ ચંદ્ર બોઝ સહીતના સ્વતંત્ર સેનાનીઓની તસવીરો જોઈને ગાય છે, "આઝાદી કે દીવાનોં ને જંગ લડી ફિર જાને દી, અંગ અંગ કટ ગયે મગર આંચ વતન પર ન આને દી.."

# બોક્સ ઓફિસના આંકડાઓમાં વધુ પારદર્શિતાની જરૂર : અજય દેવગન

## બોલિવૂડમાં બોક્સ ઓફિસના છેતરામણા આંકડાઓ કે ખોટાં આંકડાઓ અંગે અવારનવાર ચર્ચાઓ થતી રહે છે

બોલિવૂડમાં બોક્સ ઓફિસના છેતરામણા આંકડાઓ કે ખોટાં આંકડાઓ અંગે અવારનવાર ચર્ચાઓ થતી રહે છે. થોડાં વખત પહેલાં આલિયા ભટ્ટ પર પણ બોક્સ ઓફિસના ખોટાં આંકડાઓ જાહેર કરવાનો આક્ષેપ થયો હતો. હવે આ ચર્ચામાં અજય દેવગન પણ જોડાયો છે. તેણે બોક્સ ઓફિસના બેઝનેસમાં પ્રાદર્શિતાની વાત પર ભાર મુક્યો હતો.તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજર રહેલાં અજય દેવગનને ચાઈનમાં રહેલી બોક્સ ઓફિસ કલેક્શનની દર કલાકે થતી જાહેરાત, સરેરાશ ટિકિટના દર તેમજ કયા એજ ગ્રુપની ટિકીટ વધુ વેંચાઈ એ અંગે એક ચોક્કસ તંત્ર ગોઠવવામાં આવ્યું છે, તે અંગે પૂછાતાં અજયે કહ્યું હતું,"એ જરૂરી છે અને મને લાગે છે કે આપણે ધીરે ધીરે ત્યાં પહોંચી પણ રહ્યા છીએ. તો કદાચ થોડાં વર્ષોમાં બધું જ પારદર્શક થઈ જશે. પહેલાંથી જ થોડી પારદર્શિતા આવી રહી છે."મનોરંજન ઉદ્યોગમાં આવી રહેલાં પરિવર્તનોથી તેને કેટલાક પડકારોના સામનો કરવો પડે છે તે અંગે અજયે કહ્યું,"ફિલ્મ મેકર્સ આજકાલ સ્ક્રિપ્ટ કરતાં વધારે આંકડાઓની વાત કરે છે.



પહેલાં લોકો પેશનના કારણે ફિલ્મ બનાવતા હતા. હવે તેમાં આંકડાઓ આવી રહ્યા છે. તેનાથી દુઃખ લાગે છે."હાલ અજય તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ સિંઘમ અગેઈનની સફળતાની મજા લઈ રહ્યો છે. આ ફિલ્મ ભુલભુલૈયા ૩ સાથે ક્લેશ થઈ હોવા છતાં બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરી રહી છે. જોકે, આ બેમાંથી કોઈ એક ફિલ્મની રિલીઝ પાછી ઠેલવાની પણ ઘણી ચર્ચાઓ થઈ હતી. આ ફિલ્મ રિલીઝની તારીખ કેમ ન બદલી શક્યા તે અંગે અજયે વાત કરી હતી. બંને ફિલ્મો ૧ નવેમ્બરે રિલીઝ થઈ હતી.

# પ્રભાસે રૂપિયા ૬૦૦ કરોડમાં ત્રણ ફિલ્મ સાઈન કરી

બોલિવૂડના એ-સ્ટાર્સને ઈર્ષા આવે તેવી ફી પ્રભાસને મળશે, પણ અલ્લુ અર્જુન કરતાં તો પાછળ જ રહેશે. રેબેલ સ્ટાર તરીકે ચાહકોમાં લોકપ્રિય એવા પ્રભાસ સાથે કન્નડના જાણીતા પ્રોડક્શન હાઉસ હોમ્બલે ફિલ્મ્સે ત્રણ પ્રોજેક્ટના કરાર કર્યા છે. હોમ્બલે દ્વારા એક ફિલ્મ માટે પ્રભાસને રૂ.૨૦૦ કરોડ લેખે ત્રણ પ્રોજેક્ટ માટે રૂ.૬૦૦ કરોડ ચૂકવવામાં આવશે. પ્રભાસને મળી રહેલી આ રકમ બોલિવૂડના એ ગ્રેડ સ્ટાર્સને પણ ઈર્ષા આવે તેવી છે. ઉલ્લેખનીય છે કે, હોમ્બલે દ્વારા અગાઉ 'કંતારા' 'કેજીએફ', 'કેજીએફ ૨', 'સાલાર ૧' જેવી ફિલ્મો બનાવવામાં આવી છે. પ્રભાસ સાથે નક્કી થયેલી ત્રણ ફિલ્મો પૈકી સૌ પ્રથમ 'સાલાર ૨' ૨૦૨૬ના વર્ષમાં રિલીઝ થશે. ત્યાર બાદ ૨૦૨૭ અને ૨૦૨૮માં એક-એક ફિલ્મ આવશે. પ્રભાસની ફિલ્મોનો ઓવરડોઝ ના થાય તે રીતે આ ત્રણેય ફિલ્મો શીડ્યુલ કરવામાં આવી છે. 'સાલાર ૨' સિવાય અન્ય બે પ્રોજેક્ટ અંગે કોઈ જાણકારી બહાર આવી નથી. ટ્રેકટોલિવૂડના રિપોર્ટ મુજબ, આ ત્રણ ફિલ્મો માટે પ્રભાસને અધધ કહી શકાય તેવી રૂ.૬૦૦ કરોડની રકમ ચૂકવવામાં આવશે.



આમ, ફિલ્મ દીઠ પ્રભાસને રૂ.૨૦૦ કરોડ મળશે, જે કોઈપણ ઈન્ડિયન સ્ટાર માટે એક રેકોર્ડ સમાન છે. ભારતીય એક્ટર્સમાં પ્રભાસે બોલિવૂડના તમામ માંધાતાને પાછળ રાખી દીધાં છે. ટોપ-૧૦ હાઈએસ્ટ ગ્રોસિંગ ભારતીય ફિલ્મોમાં પ્રભાસની 'બાહુબલિ ૨', 'કલ્કિ ૨૮૯૮ એડી' અને 'બાહુબલિ'નો સમાવેશ થાય છે. આમ, પ્રભાસનો બોક્સઓફિસ રેકોર્ડ તથા લોકપ્રિયતા જોતાં પ્રોડક્શન હાઉસ માટે લાભનો જ સોદો કહી શકાય. ત્રણ ફિલ્મો માટે રૂ.૬૦૦ કરોડ મળવા છતાં અલ્લુ અર્જુનની સરખામણી પ્રભાસને ઘણો પાછળ કહી શકાય. કારણ કે 'પુષ્પાઃ ધ રૂલ' માટે અલ્લુ અર્જુનને રૂ.૩૦૦ કરોડ આપવાનું નક્કી થયું છે. આ રકમમાં તેની ફી ઉપરાંત પ્રોફિટ શેરનો પણ સમાવેશ થાય છે.

# ગુજરાત મીડિયા ક્લબ આયોજિત 'ભારતકૂલ' કાર્યક્રમનો અમદાવાદમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલી 'અમૃતકાળ' એટલે 'કર્તવ્યકાળ'ની વિભાવના ચરિતાર્થ કરવા સૌ સાથે મળી પ્રતિબદ્ધ બનીએ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



। અમદાવાદ, તા.૧૪ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ભાવ, રાગ અને તાલના સંગમ એવા 'ભારતકૂલ' મહોત્સવનો પ્રારંભ કરાવતાં કહ્યું કે દેશ અને રાજ્યની કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતાં આવાં આયોજનો દેશના યુવાનોને ગુલામીની માનસિકતામાંથી બહાર લાવવામાં મહત્વનું યોગદાન આપે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે કોલ આપ્યો છે તેને સાકાર કરવા માટે 'અમૃતકાળ'ને સાચા અર્થમાં 'કર્તવ્યકાળ' તરીકે ચરિતાર્થ કરવા સૌને સાથે મળીને પ્રતિબદ્ધ થવા મુખ્યમંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું.

ગુજરાત મીડિયા ક્લબ દ્વારા આયોજિત 'ભારતકૂલ' કાર્યક્રમના પ્રારંભે સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ભાવ' વિશે વાત કરતા કહ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં 'ભાવ'નું વિશેષ મહત્વ રહેલું છે. 'ભાવ' થી વ્યક્તિ અને વ્યક્તિત્વ બેય બદલાઈ જતા હોય છે. ત્યારે અહીં તો ભાવ-તાલ-રાગનો ત્રિવેણી સંગમ થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'અમૃતકાળ'ને સાચા અર્થમાં 'કર્તવ્યકાળ' ગણાવ્યો છે, ત્યારે આપણે પણ વર્તમાન સમયને કર્તવ્યકાળ તરીકે સ્વીકારીશું, તો જ 'વિકસિત ભારત'ની સંકલ્પના સાકાર થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંસ્કૃતિ વિશે વાત કરતાં જણાવ્યું કે આપણી સંસ્કૃતિ અને ઈતિહાસને હરહંમેશ જિવંત રાખવી જોઈએ. આ પ્રકારના કાર્યક્રમો યુવા પેઢીને આપણી સંસ્કૃતિ, કલા અને ઈતિહાસ સાથે જોડશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ પણે જણાવ્યું કે, યુવા પેઢીને આપણી સનાતન સભ્યતાના મૂળતઃ મૂલ્યોનો પરિચય થાય તે પણ અત્યંત જરૂરી છે. જેમ ઘટાદાર વૃક્ષ માટે ઊંડા અને મજબૂત મુળ હોવા જરૂરી છે તેમ સંસ્કૃતિ સંસ્કાર અને વિરાસતના જતન સંવર્ધનને સંગીન બનાવવા તેની



સાથે યુવા શક્તિનું જોડાણ પણ આવશ્યક છે તેની વિસ્તૃત ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પ્રેસ મીડિયાની કામગીરીને બિરદાવતા કહ્યું કે મીડિયાનો 'ભાવ' સમાજ માટે સારું કરવાનો હોય છે માટે માધ્યમોની સાચી ટીકાઓને વિશાળ લોકહિતમાં ધ્યાને લઈ, આપણે કાર્ય કરવું જોઈએ. કારણ કે, સરકાર અને માધ્યમો- બંનેનો હેતુ આખરે તો લોકકલ્યાણનો જ છે.

મુખ્યમંત્રીશ્રીએ સૌને સાથે મળીને આપણી સંસ્કૃતિ અને વિરાસતને જિવંત રાખીને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા પ્રતિબદ્ધ થવા આહ્વાન કર્યું હતું. આ તકે ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ 'ભારતકૂલ' કાર્યક્રમ દ્વારા આજની યુવા પેઢીને ભારત, ભારતીય સંસ્કૃતિ અને ભારતીય વિચારો અંગે ઊંડી સમજ આપતાં આયોજન બદલ આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ઉમેર્યું કે ભારતીય સંસ્કૃતિ, કલા અને સંગીતને ઉજાગર કરવા માટે રાજ્ય સરકાર તત્પર છે, અને ભારતકૂલ દ્વારા ચાર દિવસ સુધી ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રનિર્માણને લગતા વિવિધ વિષયો પર કાર્યક્રમોનો વધુમાં વધુ યુવાનોને લાભ લેવા અપીલ કરી હતી.

શ્રી સંઘવીએ કહ્યું કે આપણી યુવા પેઢી ગુજરાતની સંસ્કૃતિની સાથે સાથે ભારતના વિવિધ રાજ્યોને જોડી તે રાજ્યોની ધરોહર અને સંસ્કૃતિ વિશે લોકોને માહિતગાર કરી શકે તેવા કાર્યક્રમો સતત થતા રહે, જેથી એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થાય તેવી ભાવના તેમણે પ્રગટ કરી હતી.

# અમદાવાદ જિલ્લામાં જનજાતિય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી બાવળા તાલુકાના શિયાળ ગામે

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

૧૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે "જનજાતિય ગૌરવ દિવસ" ની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. અમદાવાદ જિલ્લામાં બાવળા તાલુકાના શિયાળ ગામ ખાતે માનનીય મંત્રીશ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે. જનજાતિય ગૌરવ દિવસ નિમિત્તે આદિજાતિ સમુદાયના વિકાસ માટે બે મહત્વપૂર્ણ અભિયાનો "પ્રધાન મંત્રી જનજાતીય આદિવાસી ન્યાય મહા અભિયાન (PM JANMAN)" અને "ધરતી આબા જનજાતીય ઉત્કર્ષ અભિયાન (DA-JGUA)" ના લાભાર્થી સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સંવાદ કરશે.

આ કાર્યક્રમ દેશના ૧૦૦ જિલ્લાઓમાં ઉજવવામાં આવશે, જેમાં ગુજરાતના ૧૧ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી બિહારના જમુઈ ખાતેથી આ કાર્યક્રમની અધ્યક્ષતા કરશે અને દેશભરના આદિજાતિ સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.

ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ડાંગ જિલ્લામાં રાજ્યકક્ષાના કાર્યક્રમની ઉજવણી થશે, જ્યારે અન્ય જિલ્લાઓમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમો યોજાશે.

# મતદારયાદીમાં નામ નોંધાવવાની તક, આગામી તા. ૧૭, ૨૩ અને ૨૪ નવેમ્બરના રોજ યોજાશે ખાસ ઝૂંબેશ દિવસ

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

ક્ષતિરહિત મતદારયાદી તૈયાર થાય અને એક પણ મતદાર મતાધિકારથી વંચિત ન રહે તે માટે ભારતના ચૂંટણી પંચની સુચના અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત રાજ્યભરમાં તા.૧૭ નવેમ્બર તથા તા.૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ ખાસ ઝૂંબેશ દિવસ યોજવામાં આવશે. મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા અંતર્ગત યોજાનાર ખાસ ઝૂંબેશના દિવસોમાં રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૦૫.૦૦ કલાક સુધી બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ્સ સાથે ઉપસ્થિત રહેશે. આગામી તા.૦૧.૦૧.૨૦૨૫ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની આ ઉત્તમ તક છે. સાથે જ જે યુવાઓના તા.૦૧.૦૧.૨૦૨૫ થી તા.૦૧.૧૦.૨૦૨૫ દરમિયાન ૧૮ વર્ષ પૂર્ણ થતાં હોય તેઓ ઍડવાન્સ ઍપ્લિકેશન કરી સંબંધિત ક્વાર્ટરમાં તેમનું નામ નોંધાવી શકશે. આ ઉપરાંત મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે. વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય તા.૨૮.૧૧.૨૦૨૫ સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાસે રાખવામાં આવેલી મતદારયાદીમાં પોતાનું તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકશે. સાથે જ જરૂર જણાયે અરજી પણ રજૂ કરી શકશે.

# ડાક વિભાગની પહેલ: પેન્શનધારકોને જીવન પ્રમાણપત્ર માટે ધક્કા ખાવામાંથી મુક્તિ, ઘરે બેઠા પોસ્ટમેનના માધ્યમથી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ બનશે

## ડાકઘર દ્વારા ઘરે બેઠા બનશે પેન્શનધારકોનું જીવન પ્રમાણપત્ર - પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ



**ડિજિટલ લાઇફ સર્ટિફિકેટઅભિયાન ૩.૦ની શરૂઆત, અભિયાન ૩૦ નવેમ્બર સુધી ચાલશે**

। અમદાવાદ, તા.૧૪ ।

હવે પેન્શનધારકો ને જીવન પ્રમાણપત્ર રજૂ કરવા માટે કોઈ ટ્રેઝરી, બેંક અથવા અન્ય કોઈ વિભાગમાં જવાની જરૂર નથી. પેન્શનધારકો તેમના નજીકના ડાકઘરના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકે છે. આ માટે માત્ર ૭૦/- રૂપિયા ફી નિર્ધારિત કરવામાં આવી છે. આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઓનલાઈન પહોંચી જશે. આથી પેંશન મળવામાં કોઈ અડચણ નહીં થાય. ઉપરોક્ત માહિતી રાજકોટ હેડ પોસ્ટઓફિસ માં આયોજિત ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ શિબિર માં સૌરાષ્ટ્ર અને કચ્છ પરીક્ષેત્ર, રાજકોટના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આપી. આ અવસર પર રાજકોટ મંડળ ના પ્રવર અધિક્ષક ડાકઘર શ્રી એસ કે બુનકર, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ના વરિષ્ઠ મેનેજર શ્રી સંદીપ મૌર્ય અને સિનિયર પોસ્ટમાસ્ટર રાજકોટ શ્રી અભિજીત સિંહ પણઉપસ્થિત રહ્યા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ના માધ્યમ થી કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ વિભાગોના પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા આપવામાં આવી રહી છે. ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ ૩.૦ મોટા પાયે ૩૦મી નવેમ્બર સુધી ચાલશે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે ૨૦૨૦માં કેન્દ્ર, રાજ્ય અને કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થાના પેન્શનધારકો માટે જીવન પ્રમાણ જનરેટ કરવા માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની ડોરસ્ટેપ સેવા શરૂ કરી હતી, જે પેંશન અને પેંશનરોના કલ્યાણ વિભાગ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરના સમન્વયમાં છે. આ પહેલનો ઉદ્દેશ ફેસ ઑથેન્ટિકેશન (ચેહરા પુષ્ટિ) ટેકનિક અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિક ઑથેન્ટિકેશનની ડિજિટલ પ્રક્રિયાનો ઉપયોગ વધારવાનો છે, જેથી બધા પેંશનરો, ખાસ કરીને દૂરદૂરના વિસ્તારોમાં રહેતા લોકોને અનુકૂળ સેવાઓ મળી શકે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, પેન્શનધારકો આ સુવિધાનો લાભ મેળવવા માટે પોતાના વિસ્તારના પોસ્ટમેન સાથે તેમજ પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ (https://ccc.cept.gov.in/ServiceRequest/request.aspx) દ્વારા ઓનલાઈન અનુરોધ કરી શકે છે. આ માટે, પેંશનરને આધાર નંબર, મોબાઈલ નંબર, બેંક અથવા પોસ્ટઓફીસ બચત ખાતા નંબર અને પીપીઓ નંબર આપવો પડશે. પ્રમાણપત્ર જનરેશન પ્રક્રિયા પૂર્ણ થયા પછી, પેંશનરને તેમના મોબાઈલ નંબર પર એક પુષ્ટિકરણ એસ.એમ.એસ. પ્રાપ્ત થશે અને પ્રમાણપત્રને https://jeevanpramaan.gov.in/ppouser/login પર આગામી દિવસ પછી ઓનલાઈન જોઈ શકાશે.

નોંધનીય છે કે પેન્શનધારકોએ દર વર્ષે સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં ટ્રેઝરી, બેંક અથવા સંબંધિત વિભાગમાં જીવન પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. આ માટે, દૂરદૂરના વિસ્તારોમાં રહેતા પેંશનરોને ટ્રેઝરીમાં જવામાં ઘણી વખત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાં પણ ઘણો ખર્ચ થતો હોય છે. આવી સ્થિતિમાં, પોસ્ટ વિભાગની આ પહેલ પેન્શનધારકોને ઘણી સુવિધા આપશે. તે સાથે જ, પેન્શનધારક પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પેંશનની રકમ આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ દ્વારા પોતાના બેંક ખાતાથી મેળવી શકે છે.

# અમદાવાદ મંડળથી ચાલનારી ચાર જોડી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળ થી ઉપડનારી ચાર જોડી સ્પેશ્યલ ટ્રેનોના ફેરાને સમાન સંરચના,સમય, સ્ટોપેજ અને માર્ગ પર વિસ્તૃત કરવામાં આવ્યા છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૧૯૨૦ અમદાવાદ-આગ્રા કેન્ટ ત્રિ-સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન ને ૧૭ નવેંબર, ૨૦૨૪ થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. ● એ જ રીતે ટ્રેન નંબર ૦૧૯૧૯ આગ્રા કેન્ટ-અમદાવાદ ત્રિ-સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન ને ૧૬ નવેંબર, ૨૦૨૪ થી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૧૯૦૬ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૧૯ નવેંબર, ૨૦૨૪ થી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. ● એ જ રીતે ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ૧૮ નવેંબર, ૨૦૨૪ થી ૦૯ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૪૧૬૬ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૨૧ નવેંબર, ૨૦૨૪ થી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. ● એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૫ આગ્રા કેન્ટ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૨૦ નવેંબર, ૨૦૨૪ થી ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૪૧૬૮ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેન ને ૧૮ નવેંબર, ૨૦૨૪ થી ૦૯ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. ● એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૭ આગ્રા કેન્ટ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશ્યલ ને ૧૭ નવેંબર, ૨૦૨૪ થી ૦૮ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૧૯૨૦, ૦૧૯૦૬, ૦૪૧૬૬ અને ૦૪૧૬૮ માટે બુકિંગ તત્કાળ પ્રભાવથી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઈ આર સીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે દોડશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ગુજરાત વિધાનસભા ખાતે પંડિત જવાહરલાલ નહેરુની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાઇ







। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

ગાંધીનગર ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે બુદ્ધિશાળી વ્યક્તિત્વ, કોમળ હૃદય અને નિખાલસ સ્વભાવ જેવા ગુણો ધરાવતા પંડિત જવાહરલાલ નહેરુની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી ચેતન પંડ્યાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ અવસરે ચાચા નહેરુના વ્હાલા એવા બાળકો, વિધાનસભાના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ પંડિત જવાહરલાલ નહેરુને પુષ્પાંજલિ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પંડિત જવાહરલાલ નહેરુનો જન્મ તા.૧૪મી નવેમ્બર, ૧૮૮૯ ના રોજ અલ્લાહાબાદ મુકામે થયો હતો. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ બાળકોના પ્યારા હોવાથી તેમના જન્મદિનની બાળદિન તરીકે પણ ઉજવણી કરવામાં આવે છે. તેમણે સને ૧૯૪૭ થી ૧૯૬૪ દરમિયાન ભારતના વડાપ્રધાન રહી ભારતની શાન દુનિયાભરમાં વધારી, પંચશીલના સિદ્ધાંતો આપ્યા હતા. વ્યક્તિત્વનો વૈભવ, બુદ્ધિની તેજસ્વિતા, હૃદયની કોમળતા જેવા અમૂલ્ય ગુણોનો સંગમ ધરાવતું વ્યક્તિત્વ, બિનજોડાણવાદી નીતિ, અણુયુગનો સમન્વય, પંચવર્ષીય યોજના તેમની દેણ હતી. ઝડપી આર્થિક વિકાસ દ્વારા સામાજિક ન્યાય હાંસલ કરવા, સંપત્તિની ન્યાયિક વહેંચણી કરવા અને સમાનતા વધારવા તેમણે અથાગ પ્રયત્નો કર્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે- બેદરકારીને કારણે કેટલુંત નુકસાન ચોક્કસ છે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. આજે રૉમાન્સની આશા નથી.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? પારિવારિક પ્રસંગમાં નવા મિત્રો બનશે.પણ તમારી પસંદગીમાં સાવચેત રહેજો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. આજે ઉચ્ચતમ દેખાવ અને ઉચ્ચતમ લોકોને મળવાનો દિવસ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

AMUની સ્પષ્ટતા

# મુસ્લિમ વિદ્યાર્થીઓને એડમિશનમાં ધર્મના આધારે કોઇ અનામત નહીં

**કોર્ટે ૧૯૬૭ના ચુકાદાને રદ કરતા જણાવ્યું હતું કે, યુનિવર્સિટી કેન્દ્રીય કાયદા દ્વારા રચાઇ હોવાથી તેની લઘુમતી સંસ્થા ગણી શકાય નહીં**



। (એજન્સી) અલીગઢ, તા.૧૪ ।

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીએ મુસ્લિમ ઉમેદવારોને ધર્મના આધારે એડમિશન કે ભરતી (રિક્રૂટમેન્ટ)માં અનામત આપવામાં આવતી હોવાના દાવાને નકારી કાઢ્યા છે. યુનિવર્સિટીના જણાવ્યા અનુસાર આવી કોઈ સિસ્ટમ અસ્તિત્વમાં નથી. સુપ્રીમ કોર્ટના ચુકાદાના થોડા દિવસો પછી યુનિવર્સિટીએ અનામત અંગેનું નિવેદન જારી કર્યું હતું. કોર્ટે અગાઉ જણાવ્યું હતું કે, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના લઘુમતી દરજ્જા સંબંધી કાનૂની પ્રશ્નનો નિર્ણય નવી બેન્ચ દ્વારા કરાશે. કોર્ટે ૧૯૬૭ના ચુકાદાને રદ કરતા જણાવ્યું હતું કે, યુનિવર્સિટી કેન્દ્રીય કાયદા દ્વારા રચાઈ હોવાથી તેની લઘુમતી સંસ્થા ગણી શકાય નહીં. ઉલ્લેખનીય છે કે, અલીગઢ યુનિવર્સિટીના અધિકારીઓ છેલ્લા ત્રણ દિવસથી મુસ્લિમો માટે અનામત બેઠકો રાખવામાં આવતી હોવાના દાવાને નકારી રહ્યા છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની પબ્લિક રિલેશન્સ ઓફિસના પ્રોફેસર મોહમ્મદ અસીમ સિદ્દીકીએ જણાવ્યું હતું કે, ‘‘અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) મુસ્લિમ ઉમેદવારોને યુનિવર્સિટી દ્વારા ભણાવાતા વિવિધ કોર્સ કે ભરતી (રિક્રૂટમેન્ટ)માં કોઈ અનામત આપતી નથી. સુપ્રીમ કોર્ટના સાત જજના ચુકાદા પછી કેટલાક મીડિયા આઉટલેટ્સ દ્વારા આવા અહેવાલ પ્રસિદ્ધ કરાયા છે.’’ તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ‘‘AMUમાં યુનિવર્સિટી દ્વારા સંચાલિત શાળાઓમાં પાસ થતા વિદ્યાર્થીઓ માટે આંતરિક ક્વોટા સિસ્ટમ છે. આવા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે અરજી કરે ત્યારે તેમના ધર્મને ધ્યાનમાં લીધા વગર પાત્રતાને આધારે ૫૦ ટકા બેઠક અનામત રખાય છે.’’સિદ્દીકીએ જણાવ્યું હતું કે, ‘‘AMUમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે બેઠક અનામત રાખવાના અહેવાલ ખોટા અને ગેરમાર્ગે દોરનારા છે.’’ ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટીના લઘુમતી દરજ્જાને ટાંકીને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૯ નવેમ્બરે જણાવ્યું હતું કે, ‘‘દેશના સ્રોતો અને લોકોના ટેક્સથી ચાલતી આવી સંસ્થા (AMU) પછાત વર્ગ, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના લોકોને અનામત આપતી નથી. જોકે, મુસ્લિમોને ૫૦ ટકા અનામત આપે છે.’’

**નવી માર્ગરેખામાં ૧૦૦% જોબ સિક્યોરિટીના ખોટા દાવા કરતી એડ્. પર પ્રતિબંધ**

# કોચિંગ સેન્ટર્સ હવે ગેરમાર્ગે દોરતી જાહેરાત નહીં કરી શકેઃ માર્ગરેખા જાહેર

**ફેકલ્ટીની યોગ્યતા, ફીનું માળખું, રિફંડની પોલિસી, સિલેક્શનનો દર અને પરીક્ષાના રેન્કિંગ અંગે પણ કોચિંગ સેન્ટર્સ ખોટા દાવા નહીં કરી શકે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

કેન્દ્ર સરકારે કોચિંગ ઈન્સ્ટિટ્યુટ્સ દ્વારા ગેરમાર્ગે દોરતી એડ્. સામે કડક વલણ અપનાવ્યું છે. આવી એડ્.ના નિયમન માટે બુધવારે નવી માર્ગરેખા જારી કરવામાં આવી છે. જેમાં ૧૦૦ ટકા સિલેક્શન કે ૧૦૦ ટકા જોબ સિક્યોરિટીના ખોટા દાવા કરતી એડ્. પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. નેશનલ કન્ઝ્યુ.

હેલ્પલાઈનની ફરિયાદોને પગલે આખરી માર્ગરેખા લાગુ થઈ ચૂકી છે. સેન્ટ્રલ કન્ઝ્યુ. પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) દ્વારા તૈયાર કરાયેલી માર્ગરેખામાં એડ્.ની ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. નવી માર્ગરેખા અનુસાર કોચિંગ સેન્ટર્સ પર કોર્સ અને તેની મુદત અંગે ખોટા દાવા કરવાનો પ્રતિબંધ મુકાયો છે.ઉપરાંત, ફેકલ્ટીની યોગ્યતા, ફીનું માળખું, રિફંડની પોલિસી,



સિલેક્શનનો દર અને પરીક્ષાના રેન્કિંગ અંગે પણ કોચિંગ સેન્ટર્સ ખોટા દાવા નહીં કરી શકે. ઘણા કોચિંગ સેન્ટર્સની એડ્.માં ગેરંટેડ જોબ સિક્યોરિટી અને પગારવધારા અંગે ખોટા દાવા કરતા હોય છે. તેની પર પણ માર્ગરેખામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

માર્ગરેખામાં ‘કોચિંગ’ની વ્યાખ્યા કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક સપોર્ટ, શૈક્ષણિક માર્ગદર્શન, સ્ટડી પ્રોગ્રામ્સ અને ટ્યુશનનો સમાવેશ કરાયો છે. કાઉન્સેલિંગ, સ્પોર્ટ્સ અને રચનાત્મક પ્રવૃત્તિઓને તેમાંથી બાકાત રખાયા છે.

માર્ગરેખામાં એવું પણ જણાવાયું છે કે, કોચિંગ સેન્ટર્સ પસંદગી પછી સફળ વિદ્યાર્થીઓની લેખિત સંમતિ વગર તેમના નામ, ફોટોગ્રાફ્સ વગેરેનો ઉપયોગ કરી શકશે નહીં. સેન્ટર્સે કોર્સ અંગેની મહત્વની માહિતી મોટા અને સ્પષ્ટ શબ્દોમાં દર્શાવવાની રહેશે. સીસીપીએ દ્વારા અત્યાર સુધીમાં ૫૪ નોટિસ જારી કરવામાં આવી છે અને લગભગ ૨૫૪.૬૦ લાખની પેનલ્ટી પણ કરાઈ છે. ગ્રાહક બાબતોના સચિવ નિધી ખરેએ જણાવ્યું હતું કે, ‘‘કોચિંગ સેન્ટર્સ ઈરાદાપૂર્વક માહિતી છુપાવતા હોવાનું અમારા ધ્યાનમાં આવ્યું છે. એટલે કોચિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને માર્ગદર્શન આપવા માટે અમે માર્ગરેખા બહાર પાડી છે.

# નિમણૂકનો આશય મૃત્યુથી સર્જાયેલી આર્થિક કટોકટી હળવી કરવાનો સરકારી નોકરીમાં રહેમરાહે નિમણૂક નિહિત અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

સુપ્રીમ કોર્ટે સરકારી નોકરીમાં રહેમરાહે કરાતી નિમણૂક અંગે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે, કરુણાના આધારે અપાતી સરકારી નોકરી અધિકાર નથી. નોકરીના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામનાર કર્મચારીની શરતમાં આવો કોઈ ઉલ્લેખ હોતો નથી.સુપ્રીમ કોર્ટે ૧૯૯૭માં મૃત્યુ પામેલા પોલીસ કોન્સ્ટેબલ પિતાના પુત્ર દ્વારા કરાયેલી અરજીને નકારતી વખતે મહત્વની ટિપ્પણી કરી હતી. અરજીમાં પુત્ર સાત વર્ષનો હતો ત્યારે પિતા મૃત્યુ પામ્યા હોવાથી નોકરીની માંગણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે, આ મુદ્દે વ્યક્તિ કે વ્યક્તિઓના જૂથની તરફેણમાં રાજ્યને કોઈ નિર્દેશ આપી શકાય નહીં. બેન્ચ વતી ચુકાદો લખતા જજ મસિહે જણાવ્યું હતું કે, ‘‘કરુણાના આધારે નોકરીમાં કરાતી નિમણૂકનો ઈરાદો પરિવારના સભ્યના મૃત્યુ વખતે ઊભી થયેલી તાત્કાલિક નાણાકીય કટોકટીને હળવી કરવાનો હોય છે. લાંબા સમય પછી તેને અધિકાર ગણી નોકરી માટે દાવો કરી શકાય નહીં. નોકરીના કાર્યકાળ દરમિયાન મૃત્યુ પામનાર કર્મચારીની શરતમાં આવો કોઈ ઉલ્લેખ હોતો નથી.’’સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે, ‘‘વિવિધ માપદંડોની યોગ્ય અને સઘન તપાસ કરુણાના આધારે નિમણૂક કરાય છે. જેનો હેતુ પરિવારના એક માત્ર કમાઉ સભ્યના અવસાન પછછી અચાનક ઊભી થયેલી નાણાકીય સ્થિતિમાં મદદ કરવાનો હોય છે. ઉપરાંત, આવી નિમણૂક પોલિસીમાં દર્શાવેલી શરતોને આધિન હોય છે. સુપ્રીમ કોર્ટે અરજદાર ટિંકુના કેસની સુનાવણી વખતે તમામ સ્પષ્ટતા કરી હતી. જેમાં ટિંકુના પિતા જયપ્રકાશ ૧૯૯૭માં ફરજ બજાવતી વખતે અન્ય ઓફિસર સાથે મૃત્યુ પામ્યા હતા. એ વખતે ટિંકુ સાત વર્ષનો હતો.

# પાકે. ભારત સામે રમવાનું બંધ કરી દેવું જોઇએ

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪।

ભારતીય ક્રિકેટ બોર્ડે આગામી ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન ટીમ મોકલવાનો ઈનકાર કરી દીધા બાદ પાકિસ્તાન ક્રિકેટમાં અસંતોષનું વાતાવરણ છે ત્યારે ભૂતપૂર્વ ક્રિકેટર રશીદ લતીફે બળાપો કાઢીને જણાવ્યું હતું કે મારી પાસે સત્તા હોત તો હું કોઈ પણ ટુર્નામેન્ટમાં પાકિસ્તાની ટીમને ભારત સામે રમવા દેત નહીં. પાકિસ્તાને ભારત સામે રમવાનું જ બંધ કરી દેવું જોઈએ. તેણે એથી પણ વિશેષ જણાવ્યું હતું કે જ્યાં સુધી ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોનો ઉકેલ આવે નહીં ત્યાં સુધી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ આ બંને દેશને કોઈ પણ વૈશ્વિક ટુર્નામેન્ટની યજમાની પણ ફાળવવી જોઈએ નહીં.ફેબ્રુઆરી ૨૦૨૫માં પાકિસ્તાનમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન થનારું છે ત્યારે તાજેતરમાં જ ભારતે તેની ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. આ કારણસર એવી પણ અટકળ થઈ રહી છે કે આઈસીસી કદાચ આ ઈવેન્ટને અન્ય કોઈ દેશમાં ખસેડી દેશે. આ અંગે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ પણ ભારતના ઈનકાર અંગે બીસીસીઆઈ પાસેથી લેખિત ખુલાસો માગવા આઈસીસીને કહ્યું છે. રશીદ લતીફે જણાવ્યું હતું કે એવી પૂરેપૂરી શક્યતા છે કે પાકિસ્તાન ભવિષ્યમાં ભારત સાથે રમવાનું બંધ કરી દે. જો મારી પાસે સત્તા હોત તો મેં ચોક્કસપણે આ નિર્ણય લીધો હોત. જો તમે અમારે ત્યાં આવીને (પાકિસ્તાનમાં) રમવા માગતા ન હોવ તો અમારી સામે ક્યાંય રમો નહીં તેમ પોતાના સ્પષ્ટ વક્તવ્ય માટે જાણીતા લતીફે ઉમેર્યું હતું.તેણે વધુમાં જણાવ્યું હતું કે હું એ હોદ્દા પર હોત તો મેં આ જ નિર્ણય લીધો હોત અને બીસીસીઆઈ સામે લડતઆપી હોત. આઈસીસીએ પણ જ્યાં સુધી મામલો ઉકલે નહીં ત્યાં સુધી ભારત અને પાકિસ્તાન બંનેને કોઈ પણ વૈશ્વિક ઈવેન્ટની યજમાની સોંપવી જોઈએ નહીં. મારા મતે આઈસીસીએ બંને દેશ પાસેના આ પ્રકારના યજમાનીના અધિકારો પરત ખેંચી લેવા જોઈએ. જ્યાં સુધી બંને દેશના સંબંધો અંગે ઉકેલ આવે નહીં ત્યાં સુધી તેમને કોઈ ઈવેન્ટ ફાળવવી જ જોઈએ નહીં તેમ પાકિસ્તાન માટે ૩૭ ટેસ્ટ અને ૧૬૬ વન-ડે રમી ચૂકેલા લતીફે ઉમેર્યું હતું. ક્રિકેટમાં રાજકારણના મુદ્દા અંગે રશીદ લતીફે શ્રીલંકા (૨૦૨૩) અને ઝિમ્બાબ્વે (૨૦૧૯)ના મુદ્દાને ટાંકીને જણાવ્યું હતું કે શા માટે આઈસીસી આ જ પ્રકારના રાજકીય મામલે ભારત અને પાકિસ્તાન માટે કૂણું વલણ અપનાવે છે. તેમની સામે પણ આવા જ પગલાં લેવા જોઈએ.

# ટ્રમ્પના રાજમાં નહીં રહેવા ઈચ્છતા અમેરિકનો માટે ચાર વર્ષની વર્લ્ડ ટ્રીપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ડોનાલ્ડ ટ્રમ્પ ટૂંક સમયમાં અમેરિકાના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવાના છે. જોકે તેમની જીતથી ઘણા અમેરિકનો નિરાશ છે. આ સ્થિતિમાં અમેરિકન લક્ઝરી ક્રુઝ લાઈન આવા લોકો માટે ચાર વર્ષની અનોખી સફર પર નીકળી જવાની ખાસ ઓફર લઈને આવી છે. આ પેકેજ ખાસ કરીને એવા લોકો માટે તૈયાર કરવામાં આવ્યો છે જેઓ ટ્રમ્પના બીજા કાર્યકાળથી દૂર જવા માગે છે. ફ્લોરિડા સ્થિત વિલા વી રેસિડેન્સે ડોનાલ્ડ ટ્રમ્પની પુનઃચૂંટણી બાદ અમેરિકાથી દૂર જવા માંગતા અમેરિકનો માટે ૪ વર્ષની ‘સ્કિપ ફોરવર્ડ’ ટ્રીપની જાહેરાત કરી છે. પ્રવાસીઓને વિશ્વના પ્રવાસ પર લઈ જવા, પ્રખ્યાત સ્થળોની મુલાકાત લેવા અને રાષ્ટ્રપતિના શાસનમાં નહીં રહેવા માટે એક અનોખું પેકેજ લોન્ચ કરવામાં આવ્યું છે.વિલા વી રેસિડેન્સની અખબારી યાદી મુજબ, અમેરિકનો પાસે ચાર વર્ષ સુધી કોઈપણ સમયે ટ્રિપમાં જોડાવા માટેનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આ પૅકેજમાં તેમને ડબલ-ઑક્યુપન્સી રૂમ માટે ઈ૧૫૯,૯૯૯ અને સિંગલ-ઑક્યુપન્સી કૅબિન માટે ઈ૨૫૫,૯૯૯નો ખર્ચ થશે. આમાં મુસાફરોને દરિયાઈ માર્ગે વિશ્વની મુસાફરી કરવાની તક મળશે જેમાં ક્રુઝ લાઈન આરામદાયક મુસાફરીનું વચન આપે છે. વિલા વી રેસિડેન્સે ભારપૂર્વક જણાવ્યું છે કે તેનું ‘સ્કિપ ફોરવર્ડ’ પેકેજ તમામ રાજકીય પૃષ્ઠભૂમિના પ્રવાસીઓ માટે તૈયાર કરાયું છે.વિલા વીના સીઈઓ માઈકેલ પીટરસને એક અખબારને જણાવ્યું હતુ કે અમને લાગે છે કે અમારી પાસે તે લોકો માટે એક આદર્શ ઑફર છે જેમણે કહ્યું હતું કે જો ઠરૂઢ ચૂંટણી જીતશે તો તેઓ દેશ છોડી દેશે. જોકે આ પેકેજ ચૂંટણીના પરિણામો પહેલા લોન્ચ કરવામાં આવ્યું નહોતું, અમારા રાજકીય મંતવ્યો અલગ-અલગ હોઈ શકે છે, પરંતુ અમે રાજકારણથી પર રહીને વિશ્વની સફર પર જવાના જુસ્સાથી પ્રેરિત છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કંપની કોઈ વિશેષ રાજકીય વિચારસરણી ધરાવતું નથી અને તે ફક્ત એવા લોકો માટે વિકલ્પ ઓફર કરવા માંગે છે.

# જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પની વ્હાઇટ હાઉસમાં મુલાકાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પની વ્હાઈટ હાઉસમાં મુલાકાત થઈ હતા. આ બેઠક દરમિયાન બંનેએ શાંતિપૂર્ણ રીતે સત્તા સોંપવાની પ્રક્રિયા હાથ ધરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જો બાઈડને વેલકમ બેક કહીને ટ્રમ્પનું સ્વાગત કર્યું હતું. બાઈડને એમ પણ કહ્યું કે સત્તા સોંપવાનો આ સમય સમગ્ર દેશ માટે મહત્વપૂર્ણ છે. તેમના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે રાજનીતિ મુશ્કેલ છે, પરંતુ તેઓ આ ટ્રાન્સફરને સરળ બનાવવામાં પણ યોગદાન આપશે. જો કે બંને નેતાઓએ પત્રકારોના પ્રશ્નોના જવાબ આપવાનું ટાળ્યું હતું.રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પની બાઈડેન સાથેની આ મુલાકાત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે કારણ કે ૨૦૨૦માં ચૂંટણી હાર્યા પછી, ટ્રમ્પે સત્તા સોંપવા સંબંધિત ઘણી મહત્વપૂર્ણ પરંપરાઓનું પાલન કર્યુ નહોતું તેમણે તત્કાલિન પ્રમુખ-ચુંટાયેલા જો બાઈડનને વ્હાઈટ હાઉસની મુલાકાત લેવા માટે આમંત્રણ આપવાનો ઈનકાર કર્યો હતો, અને જો બાઈડનના શપથ ગ્રહણ સમારોહમાં પણ હાજરી આપી ન હતી. પરંતુ આ વખતે ટ્રમ્પ વ્હાઈટ હાઉસ પહોંચ્યા અને આ પરંપરાઓનું પાલન કરવાની દિશામાં પગલું ભર્યુ છે.અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને રાષ્ટ્રપતિ ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે વ્હાઈટ હાઉસમાં થયેલી બેઠકે ફરી એકવાર સત્તા સોંપવાની પરંપરા શરૂ કરી. ટ્રમ્પ ચાર વર્ષ પછી વ્હાઈટ હાઉસમાં પાછા ફર્યા છે, જ્યારે તેમણે ચૂંટણી પરિણામોને નકારીને ૨૦૨૦ માં સત્તા છોડી દીધી હતી. આ વખતે ટ્રમ્પ સત્તા પર પાછા ફર્યા છે, તેમણે તમામ સાત સ્વિંગ રાજ્યો જીત્યા છે અને ૩૧૨ ઈલેક્ટોરલ વોટ મેળવ્યા છે, જ્યારે વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસને ૨૨૬ વોટ મળ્યા છે. રાષ્ટ્રપતિ બાઈડને ૬ નવેમ્બરે ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા હતા અને તેમને વ્હાઈટ હાઉસની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.અમેરિકામાં નવા રાષ્ટ્રપતિનો શપથ ગ્રહણ સમારોહ ૨૦ જાન્યુઆરીએ વોશિંગ્ટન ડીસીમાં કેપિટલ બિલ્ડીંગમાં યોજાશે.

# સુરત જિલ્લા પંચાયત કચેરી ખાતે પ્રા. શાળાના વય નિવૃત શિક્ષકોનો સન્માન સમારંભ યોજાયો

**વય નિવૃત્ત શિક્ષક તથા અવસાન પામેલ ૨૭૫ જેટલા શિક્ષકોને ખાસ ઝુંબેશ હેઠળ રૂ.૧૬.૦૦ કરોડની સેવા વિષયક લાભોની ચુકવણી કરાઈ**








। (માહિતી) સુરત ।

સુરત જિલ્લા પંચાયતના ઓડિટોરીયમ હોલ ખાતે સુરત જિલ્લા પંચાયત સંચાલિત પ્રા. શાળાના ૭૭ વય નિવૃત શિક્ષકોને મહાનુભાવોના સાલ ઓઢાડી, પુષ્પ ગુચ્છ આપી સન્માનિત કરાયા હતા. સાથે જિલ્લા પંચાયત હેઠળના વય નિવૃત થયેલ તથા અવસાન પામેલ હોય તેવા શિક્ષકોને નિવૃતિ વિષયક લાભ જેવા કે, રજા પગાર, જુથવીમા રકમ, જી.પી.ફંડ તથા પેન્શન જેવા લાભો ચુકવવાને અગ્રીમતા આપી બાકી લાભો જેમાં જી.પી.એફ.ના ૬૧ કેસોનો નિકાલ કરી અંદાજિત રૂ.૧૦,૦૦ કરોડ, જુથવીમાના ૧૭૩ કેસોનો નિકાલ કરી અંદાજિત રૂ.૨.૦૦ કરોડ અને રજા રોકડ રૂપાંતરનાં ૪૧ કેસોનો નિકાલ કરી રૂ.૩.૮૫ કરોડની ચુકવણી કરીને કુલ મળીને નિવૃત થયેલ ૨૭૫ જેટલા શિક્ષકોને અંદાજિત રૂ.૧૬.૦૦ કરોડની મહાનુભાવોના હસ્તે ચુકવણી કરવામાં આવી હતી. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે જણાવ્યું હતું કે, શિક્ષકો દરેકના જીવનમાં સંસ્કારોનો દીપ પ્રગટાવી ઉન્નત જીવન તરફ દોરી જાય છે. વય નિવૃત શિક્ષકોના સન્માન સમારંભ કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ વધુમાં કહ્યું હતું કે, સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષકનો અમૂલ્ય ફાળો રહ્યો હોય છે. દેશના ભવિષ્યની ભૂમિકા શિક્ષકના હસ્તે ઘડાતી હોઈ છે. કારણ કે તેઓ વ્યક્તિઓના સર્વાંગી વિકાસની સાથે સાથે સમાજની પ્રગતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે એમ તેમણે ઉમેર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીએ એવો પણ સુર વ્યક્ત કર્યો હતો કે, શિક્ષક ક્યારેય નિવૃત્ત થતાં નથી, નિવૃત્તિ બાદ પણ સમય ફાળવી વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપતાં રહે તેવો અનુરોધ કર્યો હતો. શિક્ષકો એ દરેક બાળકોના જીવનમાં દિપ રૂપી પ્રકાશ ફેલાવ્યો છે. શિક્ષકો જ્ઞાનનો પ્રકાશ છે અને તે હંમેશા શાણપણના મોતી આપે છે. વય નિવૃત્ત શિક્ષકોને જીવનની બીજી પારી પરિવાર સાથે સુખમય, સ્વસ્થ રહે એમ તેમણે ઉમેર્યું હતું. જિ. પ્રા. શિક્ષણ અધિકારી જયેશભાઈ પટેલે આ અવસરે કહ્યું હતું કે, શિક્ષકમાં સાધુ, જ્ઞાની અને માં એમ ત્રિવેણી સંગમના દર્શન થાય છે. શિસ્ત, ક્ષમા અને કરૂણા એટલે શિક્ષક. શિક્ષક આપણા સમાજનુ નિર્માણ કરે છે. બીજી બાજુ તે આપણા માર્ગદર્શક પણ હોય છે. શિક્ષકનું સ્થાન માતા પિતાથી પણ ઉચ્ચ માનવામાં આવે છે. આ પ્રસંગે પૂર્વ જિલ્લા પં. પ્રમુખભાઈ ભાવેશભાઈ પટેલે વયનિવૃત્ત શિક્ષકોની મહેનત, સમર્પણ અને આદર્શભાવને બિરદાવીને વધુમાં કહ્યું હતું કે, જેમની નિમણુંક થાય તેમની નિવત્તિ હોય જ છે.શિક્ષક એ બાળકની લાગણી સાથે સંકળાયેલ હોય છે. ત્યારે રાષ્ટ્રના ઘળતરમાં શિક્ષકનો ઉમદા ફાળો રહેલો હોય છે એમ તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં જિ.પં. શિક્ષણ સમિતિના અધ્યક્ષ ભારતીબેન રાઠોડ, સિંચાઈ સમિતિના અધ્યક્ષ નિલેશભાઈ તળવી, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ અમિષાબેન પરમાર, જિલ્લા શિક્ષણ સમિતિના સભ્ય સર્વ સીતાબેન, દિપીકાબેન, કેતનભાઈ, રેખાબેન, રમેશભાઈ, જિ.પ્રા.શિક્ષણ સંઘના પ્રમુખ કિરીટભાઈ પટેલ, શિક્ષણ સંઘના હોદેદારો સહિત ઉપસ્થિત મહાનુભાવોએ વય નિવૃત્ત થતાં શિક્ષકોની દીર્ઘ કારકિર્દીને બિરદાવી નિરોગી દીર્ધાયુ નિવૃત્ત જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

આવો,
સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક

# બિરસા મુંડાજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ઉજવીએ



વિકસિત ભારત વિકસિત ગુજરાત



# જનજાતિય ગૌરવ દિવસ

## આદિજાતિ વિકાસમાં અગ્રેસર ગુજરાત

**પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA JGUA) અંતર્ગત**

માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદી

દેશના ૩૧ રાજય-કેન્દ્રશાસિત પ્રદેશના ૧૦૦ જિલ્લાઓ સાથે વર્ચ્યુઅલી જોડાશે
અને લાભાર્થીઓ સાથે કરશે સીધો સંવાદ

માનનીય રાજ્યપાલશ્રી
**આચાર્ય દેવવ્રતજી**ની
અધ્યક્ષતામાં
**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,
**સ્થળઃ** સ્વામિનારાયણ મંદિર, નેત્રંગ-ઝંખવાવ રોડ, તાલુકોઃ નેત્રંગ, જિલ્લોઃ ભરૂચ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે
**તથા**

**રાજ્યકક્ષાનો કાર્યક્રમ**

માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
ગરિમામયી ઉપસ્થિતિમાં
**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,
**સ્થળઃ** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, તાલુકોઃ આહવા, જિલ્લોઃ ડાંગ ખાતે યોજાશે

**ભારત સરકારના આ કાર્યક્રમનું રાજ્યકક્ષા ઉપરાંત અન્ય ૧૦ જિલ્લાઓ (વલસાડ, નવસારી, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, સાબરકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ)ના ૧૦ સ્થળો ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવશે**

### અતિથિ વિશેષ

**ડૉ.કુબેરભાઈ ડીંડોર**
માન. મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગુજરાત સરકાર

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માન. રાજ્યકક્ષાના મંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત સરકાર અને પ્રભારી મંત્રી, ડાંગ જિલ્લો

**શ્રી ધવલભાઈ પટેલ**
માન. દંડક, લોકસભા અને સંસદસભ્ય, વલસાડ-ડાંગ

**શ્રી વિજયભાઈ પટેલ**
માન. નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય, ડાંગ

**ગુજરાતમાં જનજાતિય સશક્તિકરણ થકી વિકસિત ભારતના નિર્માણને મળશે વેગ**